

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 169
Dt.: 25-04-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa

### નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું

# રાઘવ ચઢ્ઢા સહિતના કેટલાક સાંસદોએ કર્યો પક્ષપલટો, આપ છોડી વિધિવત ભાજપમાં સામેલ

## રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદોએ રાજીનામાં આપ્યો, જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટીમાંથી રાઘવ ચઢ્ઢા સહિત સાત સાંસદોએ આજે(૨૪ એપ્રિલ) રાજીનામાં આપ્યા હતા. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠકે પ્રેસ કોન્ફરન્સ કરીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ હવે શુક્રવાર સાંજે નવી દિલ્હી ખાતે ભાજપ હેડક્વાર્ટર તમામ પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભાજપ અધ્યક્ષ નીતિન નબીન દ્વારા સ્વાગત કરાયું હતું. ભાજપ હેડક્વાર્ટરમાં નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું. આ દરમિયાન ચઢ્ઢાએ ભાજપ અધ્યક્ષને ગુલદસ્તો ભેટ કર્યો. આ સત્તાવાર મિલનની સાથે ચઢ્ઢા સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થઈ ગયા. પાર્ટી કાર્યકર્તાઓમાં આ રાજકીય ઘટનાક્રમમાં જશ્નનો માહોલ છે. આમ આદમી પાર્ટીની સ્થિતિ હવે રાજ્યસભામાં ખુબ નબળી થઈ ગઈ છે. રાઘવ ચઢ્ઢા સહિત આમ આદમી પાર્ટીમાંથી ૭ સાંસદોએ રાજીનામાં આપ્યા છે. જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ છે. રાઘવ ચઢ્ઢાએ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો ખુલાસો કરતા પક્ષ સાથેના તમામ સંબંધો તોડવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીને મેં મારા લોહી-પરસેવાથી સીંચી છે અને મારા જીવનના મહત્ત્વના ૧૫ વર્ષ આપ્યા છે, તે પાર્ટી હવે તેના સિદ્ધાંતો, મૂલ્યો અને નૈતિકતાથી ભટકી ગઈ છે. હવે આ પાર્ટી દેશના હિતમાં નહીં, પણ પોતાના અંગત સ્વાર્થ માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મને સતત એવું લાગી રહ્યું હતું કે હું એક ખોટી પાર્ટીમાં ફસાઈ ગયેલો સાચો માણસ છું. એટલા માટે જ આજે હું મારી જાતને આપથી અલગ કરી રહ્યો છું અને હવે જનતાની સેવામાં જોડાઈ રહ્યો છું, તેમજ મારી સાથે આમ આદમી પાર્ટીના બે તૃતીયાંશ (૨/૩) સાંસદો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

બીજી તરફ દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે ભારતીય જનતા પાર્ટી અને તેના ટોચના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર ઓપરેશન લોટસ દ્વારા પંજાબ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. ઓપરેશન લોટસ ખરેખર હલકી રાજનીતિનું એક ઉદાહરણ છે. તે માત્ર સત્તા કબજે કરવાનો પ્રયાસ નથી, પરંતુ પંજાબમાં ચાલી રહેલા જનહિતના કાર્યોને રોકવાનું એક ષડયંત્ર છે. આરોપ લગાવ્યો કે, આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાત સાંસદોને તોડીને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા છે. પંજાબની જનતાએ આ નામો યાદ રાખવા જોઈએ, કારણ કે આ લોકોએ ગદ્દારી કરી છે. આ સંદર્ભમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, રાજેન્દ્ર ગુપ્તા, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ અને હરભજન સિંહ જેવા નામોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, જનતાએ આ તમામને સામાન્ય સ્તરેથી ઉઠાવીને સંસદ સુધી પહોંચાડ્યા, પરંતુ હવે તેઓએ જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ AAPમાંથી ભાજપમાં ભળેલા સાંસદોની ઝાટકણી કાઢતા કહ્યું કે, ભાજપે પંજાબ સાથે ગદ્દારી કરી, ભાજપનું પંજાબમાં કોઈ અસ્તિત્વ જ નથી, ભાજપનું પોતાનું કંઈ જ નથી માટે આ પ્રકારના તુક્કા લગાવી રહી છે. ભાજપ પંજાબ જીતી શકતી નથી, આ પ્રકારે વોશિંગ મશીનનો ઉપયોગ કરીને શરદ પવારની પાર્ટી અને શિવસેના ઉદ્ધવ ઠાકરેની તેમજ કોંગ્રેસની પાર્ટીને તોડી નાખવામાં આવી હતી. પંજાબમાં ભાજપનો કોઈ જ જનાધાર નથી. ભાજપ તેની સાથે વિલય કરનારા લોકોને પણ ગળી જાય છે, આ સાત લોકો પાર્ટીનો ભાગ નથી, ગદ્દારોના જવાથી કોઈ ફર્ક પડતો નથી, જનતાના પ્રેમની કોઈ કિંમત હોતી નથી, પંજાબની જનતાનો પ્રેમ કોઈ પણ કિંમતે ખરીદી શકાશે નહીં.



### પ્રસિદ્ધ થયેલા આરબીઆઈ બુલેટિનમાં જણાવાયું

# પશ્ચિમ એશિયાનો તણાવ દેશના અર્થતંત્ર માટે પડકારજનક બની શકેઃ રિઝર્વ બેન્ક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશાયામાં સર્જાયેલો તણાવ દેશના અર્થતંત્ર માટે પડકારજનક બની રહ્યો હોવાનું સ્વીકારતા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, તેનાથી દેશની સપ્લાય ચેઈનમાં અડચણો આવી શકે છે.

ઊંચા ઈંધણ ખર્ચ, વધતા ઉત્પાદન ખર્ચ, વેપારમાં ખલેલ અને ફાઈનાન્સિયલ માર્કેટમાં અફરા-તફરીનો માહોલ ઘરેલુ અર્થતંત્રને પડકારજનક સ્થિતિમાં લાવી શકે છે. ગુરુવારે પ્રસિદ્ધ થયેલા આરબીઆઈ બુલેટિનમાં જણાવાયુ હતું કે, પશ્ચિમ એશિયામાં ઘેરુ બની રહેલું સંકટ વૈશ્વિક સપ્લાય ચેઈનાં અંતરાયો લાવે છે. માર્ચ મહિનામાં અને એપ્રિલના શરૂઆતના દિવસોમાં આંશિક રાહતો રહી હતી. ઘરેલુ અર્થતંત્રના કેટલાક ક્ષેત્રોમાં મજબૂતી જળવાયેલી જોવા



મળી હતી, જ્યારે કેટલાક ક્ષેત્રો ધીમા પડ્યા હતા. તણાવની તીવ્રતા અને સમયગાળામાં વધ-ઘટ અનુસાર અસરમાં ફેરફાર આવી શકે છે. આ સાથે ફૂગાવાનું જોખમ, ગ્રોથ આઈટલૂક જેવા પરિબળો સાથે એનર્જી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રોમાં થતા નુકસાન પણ અર્થતંત્રમાં મહત્ત્વના સાબિત થશે. પશ્ચિમ એશિયામાં તણાવ લાંબો સમય ખેંચાય અને સપ્લાય ચેઈન વહેલી તકે પુનઃસ્થાપિત ન થાય તો અર્થતંત્રમાં દરેક સ્તરે વિપરિત અસરની શક્યતા છે. જેમાં ઈંધણ ખર્ચ, ઉત્પાદન ખર્ચ પર દબાણ, ટ્રેડ ફ્લોમાં વિક્ષેપ અને માર્કેટ સ્પિલ ઓવર્સ જેવા સંજોગો ઊભા થઈ શકે છે. ફુગાવાનું સ્તર હાલ ચિંતાજનક નથી, પરંતુ જોખમમાં વધારો થાય તો સ્થિતિ બદલાઈ શકે છે. ઋતુઓમાં ઓચિંતા પલટા પણ અન્ય કારણ બની શકે છે. સપ્લાયમાં આવી રહેલા આંચકાઓ માગને પ્રભાવિત ન કરે તે બાબતની કાળજી રાખવા પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવું જરૂરી છે. યુએસ-ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધ વિરામથી વૈશ્વિક અર્થતંત્રને થોડી ઘણી રાહત મળી છે. ભારતીય અર્થતંત્રને વૈશ્વિક બજારમાં મજબૂતીથી મજબૂત સપોર્ટ મળી શકે છે. વૈશ્વિક અર્થતંત્રમાં નરમાઈ ન આવે તો ભારતીય અર્થતંત્રને ખાસ તકલીફ પડે તેમ નથી.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના બુલેટિનમાં રજૂ થયેલા વિચારો લેખકના પોતાના હોવાની સ્પષ્ટતા પણ આ સાથે કરાઈ હતી.

## સંકટની ઘડીમાં ભારત માલદીવ્સની વહારે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને માલદીવ્સ વચ્ચેના સંબંધોમાં ફરી એકવાર મજબૂતી જોવા મળી છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા માલદીવ્સની મદદે ભારત ફરી એકવાર આગળ આવ્યું છે. ભારતે માલદીવ્સને મોટી રાહત આપતા 30 અબજ રૂપિયા (અંદાજે 400 મિલિયન ડૉલર)ના કરન્સી સ્વાપ સપોર્ટના પ્રથમ હપ્તાને મંજૂરી આપી દીધી છે. માલદીવ્સમાં આવેલી ભારત સરકારની એમ્બસીએ આ અંગેની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, માલદીવ્સની નાણાકીય સ્થિરતા જાળવી રાખવા માટે આ પગલું અત્યંત મહત્ત્વનું સાબિત થશે.આ આર્થિક મદદ મુખ્યત્વે ભારતીય રિઝર્વ બેન્ક અને માલદીવ્સ સરકાર વચ્ચે થયેલા SAARC કરન્સી સ્વાપ ફ્રેમવર્ક હેઠળ આપવામાં આવી છે. ઓક્ટોબર 2024માં માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝૂની ભારત મુલાકાત દરમિયાન આ અંગે સમજૂતી થઈ હતી. માલદીવ્સ અત્યારે વિદેશી મુદ્રા ભંડારની અછત અને વધતા દેવાના બોજ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતની આ સમયસરની મદદ મુઈઝ્ઝૂ સરકાર માટે સંકટ સમયની સાંકળ સમાન બની છે.

### ચોતરફી ઘેરવાની તૈયારી

# ઈરાન યુદ્ધ અંગે ટ્રમ્પ આરપારના મૂડમાં, ૨૪ કલાકમાં લીધા ૪ મોટા નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના સૌથી મહત્ત્વના દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ પર પોતાનું વર્ચસ્વ જમાવવા અને ઈરાનને આર્થિક તેમજ સૈન્ય રીતે ઘેરવા માટે ચાર મોટા નિર્ણયો લીધા છે. દુનિયાનો અંદાજે ૨૦ ટકા ઓઈલ સપ્લાય આ માર્ગ પરથી થાય છે, જેના પર નિયંત્રણ મેળવીને ટ્રમ્પ ઈરાન પર દબાણ વધારી રહ્યા છે. ટ્રમ્પનું સ્પષ્ટ કહેવું છે કે જ્યાં સુધી ઈરાન સાથે સંપૂર્ણ સમજૂતી ન થાય ત્યાં સુધી આ દબાણ ચાલુ રહેશે.

ટ્રમ્પના ચાર મોટા અને આક્રમક પગલાં

૧. માઈન્સ સાફ કરવાનું અભિયાન તેજ : ઈરાને આ દરિયાઈ માર્ગ પર જે માઈન્સ પાથરી હતી, તેને સાફ કરવા માટે ટ્રમ્પે અમેરિકન નૌસેનાને આદેશ આપ્યો છે. હાલ અમેરિકન જહાજો ત્રણ ગણી ઝડપે આ માઈન્સ હટાવવાની કામગીરી કરી રહ્યા છે, જેથી આ રસ્તો અમેરિકાની શરતો પર ફરીથી ખુલ્લો કરી શકાય.

૨. શૂટ એન્ડ કિલનો આદેશ : ટ્રમ્પે અમેરિકન સેનાને અત્યંત કડક સૂચના આપી છે કે જો કોઈ પણ ઈરાની બોટ હોર્મુઝમાં માઈન્સ પાથરતી જોવા મળે, તો તેને કોઈ પણ ખચકાટ વગર ગોળી મારીને નષ્ટ કરી દેવી. ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા અગાઉ જહાજો પર કરવામાં આવેલા હુમલા બાદ આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે.

૩. નૌસેનાની નાકાબંધી મજબૂત કરી : ઈરાની બંદરો પર અમેરિકાએ જે નાકાબંધી કરી છે તેને ત્રણ ગણી મજબૂત કરવાનો આદેશ અપાયો છે. વધુ અમેરિકન યુદ્ધ જહાજો તહેનાત કરીને ઈરાનની ઓઈલ નિકાસ લગભગ બંધ કરી દેવામાં આવી છે, જેના કારણે ઈરાનને રોજના કરોડો ડોલરનું નુકસાન થઈ રહ્યું છે.

૪. ઓઈલ ઉત્પાદન અટકાવવાની તૈયારી : બ્લોકેડની સાથે હવે અમેરિકા ઈરાનની ઓઈલ ઉત્પાદન ક્ષમતા પર પણ દબાણ વધારી રહ્યું છે. ટ્રમ્પનો લક્ષ્યાંક ઈરાનને ઓઈલ વેચીને કમાણી કરવાના તમામ રસ્તાઓ બંધ કરવાનો છે, જેથી આર્થિક રીતે નબળું પડીને ઈરાન સમજૂતી માટે મજબૂર થાય.

આ ચાર પગલાં દર્શાવે છે કે ટ્રમ્પ હવે ઈરાન સામે કોઈ પણ બાંધછોડ કરવાના મૂડમાં નથી. એક તરફ ઈરાન આ બ્લોકેડને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવી રહ્યું છે, તો બીજી તરફ ટ્રમ્પ ઈરાન સમજૂતીની શરતો માને તેવો આગ્રહ રાખી રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા આ તણાવને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો વધી રહી છે, જેની અસર સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા પર પડી શકે છે. સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે આ સંઘર્ષ આગામી દિવસોમાં વધુ ગંભીર વળાંક લઈ શકે છે.

### ફ્લોર ટેસ્ટમાં CM સમ્રાટ ચૌધરી પાસ

# સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળની NDA સરકારે વિધાનસભામાં વિશ્વાસ મત જીતી લીધો

## NDA પાસે વિધાનસભામાં લગભગ ૨૦૧ ધારાસભ્યોનું સમર્થન છે જ્યારે બહુમત માટે ૧૨૨ના આંકડાથી જરૂરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

આજે બિહારના રાજકારણમાં એક મોટો દિવસ રહ્યો હતો જ્યારે સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળની NDA સરકારે વિધાનસભામાં વિશ્વાસ મત જીતી લીધો છે. સરકારે ધ્વનિ મતના આધાર પર સરકારે સરળતાથી વિધાનસભામાં વિશ્વાસ સરળતાથી જીતી લીધો છે. કારણ કે સંખ્યાબળ અગાઉથી જ તેમના પક્ષમાં હતો. NDA પાસે વિધાનસભામાં લગભગ ૨૦૧ ધારાસભ્યોનું સમર્થન છે જ્યારે બહુમત માટે ૧૨૨ના આંકડાથી જરૂરી છે. આ કારણે મતદાન જરૂરી નહોતું અને ઠરાવ ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. જોકે કટાક્ષમાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે સરકારને ટેકો આપવાની જાહેરાત કરી હતી. ૧૫ એપ્રિલના રોજ મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના માત્ર નવ દિવસ પછી સમ્રાટ ચૌધરીએ ગૃહમાં બહુમતી સાબિત કરીને પોતાની સ્થિતિ મજબૂત બનાવી હતી. વિશ્વાસ મત પછી સ્પીકર પ્રેમ કુમાર સહિત ઘણા સભ્યોએ તેમને અભિનંદન આપ્યા હતા. ચર્ચા દરમિયાન મુખ્યમંત્રીએ વિપક્ષ પર આકરા પ્રહારો શરૂ કર્યા હતા. લાલુ પ્રસાદ યાદવના શાસનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે જો તે સમયગાળા દરમિયાન તેમના પર અત્યાચાર ન થયો હોત તો તેઓ આજે આ પદ પર ન પહોંચ્યા હોત. તેમણે નીતિશ કુમારના નેતૃત્વ અને સિદ્ધાંતોની પણ પ્રશંસા કરી હતું કે કહ્યું કે "વિકસિત બિહાર"નું લક્ષ્ય તેમની સરકાર માટે પ્રાથમિકતા રહેશે.

તેજસ્વી યાદવ પર કટાક્ષ કરતા સમ્રાટ ચૌધરીએ ટિપ્પણી કરતા કહ્યું, "જે પોતાના ઘરમાં બહેનનું સન્માન ન કરી શકે તે બીજાનું શું કરી શકે?" આ નિવેદનથી ગૃહમાં રાજકીય તાપમાન વધુ વધ્યું. મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી કે તેમની સરકાર કોઈપણ સંજોગોમાં ક્રાઈમ, કમ્યૂનલિઝમ અને કરપ્શન સાથે સમાધાન કરશે નહીં. તેમણે કહ્યું કે NDA સરકારે મહિલા સુરક્ષા, ખેડૂતોના હિતો અને સુશાસનને પ્રાથમિકતા આપી છે અને તે દિશામાં કામ કરવાનું ચાલુ રાખશે. વિશ્વાસ મત સાથે સમ્રાટ ચૌધરીએ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે રાજકીય આરોપો અને પ્રતિ-આરોપ છતાં તેમની સરકાર સ્થિર અને વિકાસના એજન્ડાને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

# પવન ખેડાને હાઈકોર્ટનો મોટો ઝટકોઃ આગોતરા જામીન ફગાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી FIR મામલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને મોટો કાયદાકીય ફટકો પડ્યો છે. ગુવાહાટી હાઈકોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે, જેના કારણે તેમની ધરપકડની તલવાર લટકી રહી છે. પવન ખેડા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ



સિંઘવીએ દલીલ કરી હતી કે આ કેસ રાજકીય દ્વેષભાવથી પ્રેરિત છે. તેમણે કોર્ટને ખાતરી આપી હતી કે ખેડા દેશ છોડીને ભાગી જાય તેવો કોઈ ખતરો નથી, તેથી તેમની ધરપકડની કોઈ જરૂર નથી. બીજી તરફ, આસામના એડવોકેટ જનરલે આ જામીનનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે, આ માત્ર માનહાનિનો કેસ નથી પરંતુ દસ્તાવેજોની જાળસાજી અને છેતરપિંડી સાથે જોડાયેલો ગંભીર ગુનો છે. તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીને વચગાળાની સુરક્ષા આપવી જોઈએ નહીં કારણ કે તેમના દેશ છોડી ભાગી જવાની શક્યતા છે. પવન ખેડાએ આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની રિંકી ભુઈયા શર્મા પાસે એકથી વધુ પાસપોર્ટ છે. આ આક્ષેપો બાદ રિંકી ભુઈયાએ ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. અગાઉ તેલંગાણા હાઈકોર્ટે ખેડાને ટ્રાન્ઝિટ બેલ આપ્યા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટે તે આદેશ પર રોક લગાવી દીધી હતી.



# તંત્રી લેખ......

## હોર્મુઝ સ્ટ્રેટ પર નિર્ભરતા ઘટાડવાનો સમય આવી ગયો છે

અમેરિકા અને ઈરાન વચ્ચે સત્તા સંઘર્ષ બની ગયેલા હોર્મુઝ સ્ટ્રેટએ વૈશ્વિક ઊર્જા સુરક્ષા અને વેપાર વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. વિશ્વના દરિયાઈ તેલ વેપારનો લગભગ એક તૃતીયાંશ ભાગ હોર્મુઝની સાંકડી સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. અહીં ઉદ્ભવતા કોઈપણ તણાવ વૈશ્વિક તેલ અને ગેસના ભાવ અને પુરવઠાને સીધી રીતે અસ્થિર બનાવે છે. વિકસિત અને વિકાસશીલ બંને દેશોની સમગ્ર ઔદ્યોગિક મશીનરી આ જળમાર્ગની સુરક્ષા પર ટકેલી છે. ભારતમાં પણ તેલ અને ગેસની માંગ વધી રહી છે, જે આર્થિક શક્તિ બની રહ્યું છે. જો આ માર્ગ સંપૂર્ણપણે ખોરવાઈ જાય છે, તો કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૫૦ ને વટાવી શકે છે, જે સંભવિત રીતે વૈશ્વિક મંદીનું કારણ બની શકે છે. તેથી, હોર્મુઝની સામુદ્રધુની પર ભારતની નિર્ભરતા ઘટાડવી હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ એક અનિવાર્યતા છે. હોર્મુઝ કટોકટી ભારત માટે સ્પષ્ટ સંદેશ છે કે એક જ ભૌગોલિક માર્ગ પર વધુ પડતી નિર્ભરતા રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક સાર્વભૌમત્વ માટે ખતરનાક છે.

તેલના ભાવમાં વધારો ભારતના આયાત બિલમાં વધારો કરશે, જેનાથી ચાલુ ખાતાની ખાધ પર અસર થશે, રૂપિયો વધુ નબળો પડશે. આ મુદ્દો ફક્ત તેલ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ખાડી દેશોમાં રહેતા લાખો ભારતીય પ્રવાસીઓની સલામતી અને ત્યાંથી આવતા વિદેશી હૂંડિયામણનો પણ છે, જે મોટા લશ્કરી સંઘર્ષની સ્થિતિમાં અચાનક ઘટી શકે છે અથવા બંધ થઈ શકે છે. હોર્મુઝની સામુદ્રધુની ભારતને યાદ અપાવે છે કે તેણે તેના ઉર્જા અને વેપાર માર્ગોને વૈવિધ્યીકરણ કરવા જોઈએ. હોર્મુઝની સામુદ્રધુની પર આધાર રાખવાને બદલે, ભારતે પોતાના વૈકલ્પિક માર્ગો અને સુરક્ષા પદ્ધતિઓ વિકસાવવા માટે ગંભીર પ્રયાસો કરવા જોઈએ.

હોર્મુઝની સામુદ્રધુની મહત્વપૂર્ણ છે કારણ કે હાલનો કોઈ પણ માર્ગ તેની ક્ષમતા (આશરે ૨૧ મિલિયન બેરલ તેલ પ્રતિ દિવસ) સાથે મેળ ખાતો નથી. સાઉદી અરેબિયાની પૂર્વ-પશ્ચિમ પાઈપલાઈન, જે પર્શિયન ગલ્ફને સીધા લાલ સમુદ્ર સાથે જોડે છે, તેની ક્ષમતા ફક્ત પાંચ મિલિયન બેરલ પ્રતિ દિવસ છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ની ધાબી ક્રૂડ ઓઈલ પાઈપલાઈન હોર્મુઝને બાયપાસ કરીને ફુજૈરાહ (ઓમાનના અખાત) બંદર સુધી તેલનું પરિવહન કરે છે, પરંતુ તેની ક્ષમતા પણ ૧.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ સુધી મર્યાદિત છે. તકનીકી અવરોધો અને પ્રાદેશિક રાજકારણને કારણે ઈરાકની ટર્કિશ પાઈપલાઈન હંમેશા સંપૂર્ણ ક્ષમતા પર કાર્યરત નથી.

કેપ ઓફ ગુડ હોપની આસપાસનો માર્ગ ખૂબ લાંબો છે, જે કાર્ગો પરિવહનના સમય અને ખર્ચમાં નોંધપાત્ર વધારો કરશે. ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરનું બાંધકામ શરૂ પણ થયું નથી. પ્રોજેક્ટ હજુ પણ આયોજન અને સંકલનના તબક્કામાં છે. ઈઝરાયલ-હમાસ તણાવે પ્રોજેક્ટની પ્રગતિ ધીમી કરી દીધી છે. બધા વિકલ્પો સંયુક્ત રીતે હોર્મુઝ સ્ટ્રેટની અછતને ૪૦ ટકાથી વધુ પૂર્ણ કરી શકતા નથી.

ભૂ-રાજકીય ઉથલપાથલ વચ્ચે, ભારત તેની ઉર્જા સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વાયત્તતાને સુનિશ્ચિત કરવા માટે બહુપક્ષીય યોજના બનાવી રહ્યું છે, જેનો હેતુ દેશને વૈશ્વિક આર્થિક શક્તિ તરીકે સ્થાપિત કરીને ઉર્જા નિર્ભરતા ઘટાડવાનો છે. ઈરાનનું ચાબહાર બંદર આ વ્યૂહરચનાનું કેન્દ્ર છે. તે પાકિસ્તાનને બાયપાસ કરીને ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી સીધી પહોંચ પૂરી પાડે છે.

રેલ સંચાલનમાં ટેકનોલોજીકલ ઉત્કર્ષ તરફ એક મહત્વપૂર્ણ પહેલ

# અમદાવાદ મંડળમાં સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટરનું નિર્માણ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે જૂન ૨૦૨૬ સુધી કાર્યરત થઈ જશે. લગભગ ૨૪,૫૦૦ વર્ગ ફૂટમાં વિસ્તૃત આ આધુનિક પરિસર ઉત્તર ગુજરાત ક્ષેત્રમાં રેલ સંચાલન માટે "કેન્દ્રિય તંત્ર (નર્વ સેન્ટર)" હશે.

વર્ષ ૨૦૦૩માં સ્થાપના પછી અમદાવાદ મંડળે ઝડપી પ્રગતિ નોંધાવી છે. ફ્રેટ લોડિંગ ૯.૩૮ મિલિયન ટનથી વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૧ મિલિયન ટન સુધી પહોંચી ગયું છે, જે પાંચ ગણાથી વધુ વૃદ્ધિને દર્શાવે છે. આ વધતા સંચાલનને સુચારૂ રીતે સંભાળવા માટે વિવિધ કચેરીઓની નિયંત્રણ પ્રવૃત્તિઓ હવે એક જ છત હેઠળ કેન્દ્રિત કરવામાં આવી રહી છે.





આ આધુનિક નિયંત્રણ પરિસર વિવિધ વિભાગોના સંકલિત, ઝડપી અને અસરકારક સંચાલન માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે:

● અદ્યતન ડિજિટલ મોનીટરીંગ (Next-Gen Monitoring): ૧,૩૫૦ રૂટ કિલોમીટર વિસ્તારની રિયલ-ટાઈમ અને હાઈ-રિઝોલ્યુશન મોનીટરીંગ માટે વિશાળ વીડિયો ડિસ્પ્લે યુનિટ (VDU) વોલ, જે ઝડપી નિર્ણય લેવામાં મદદરૂપ બનશે.

● સમગ્ર સંચાલન સિસ્ટમ (Integrated Operations System) ફ્રેટ અને કોચિંગ કંટ્રોલ, સિગ્નલ અને ટેલિકોમ (S&T), એન્જિનિયરિંગ, ટ્રેક્શન તેમજ ક્રૂ મેનેજમેન્ટનું એકીકૃત સંચાલન કરવામાં આવશે.

● સુરક્ષા મજબૂતી (Safety & Security Enhancement): રેલવે સુરક્ષા બળ (RPF) કંટ્રોલ રૂમ, આપત્તિ વ્યવસ્થાપન સેલ તથા કેરેજ અને વેગન (C&W) પ્રવૃત્તિઓ પણ આ પરિસરમાં સામેલ કરવામાં આવશે.

● યાત્રી સેવા સુધારો (Passenger Service Enhancement): 'રેલ મદદ' (Rail Madad) ફરિયાદ નિવારણ તંત્ર તથા NTES (National Train Enquiry System)ની સાથે સીધી જોડાણ વ્યવસ્થા, જેથી મુસાફરોને ચોક્કસ અને અપડેટ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી શકશે.

આ એકીકૃત નિયંત્રણ પરિસરની અમલવારીથી નીચે મુજબના બહુઆયામી લાભો પ્રાપ્ત થશે:

● સમયપાલનમાં ઉચ્ચ સ્તરની સટીકતા (High Precision in Punctuality): દૈનિક ૧૩૦+ કોચિંગ ટ્રેનો અને ૧૬૦+ માલગાડીઓના સંચાલનમાં સટીક યોજના અને સમયપાલન સુનિશ્ચિત થશે.

● સંચાલન પ્રક્રિયામાં સુધારો (Operational Process Optimization): લોકો પરિવર્તન, પાણી પુરવઠો, પાર્સલ મેનેજમેન્ટ અને ક્રૂ તૈનાતીમાં કાર્યક્ષમતા વધશે.

● રિયલ-ટાઈમ ડેટા આધારિત સેવાઓ (Real-Time Data Driven Services): રિયલ-ટાઈમ ડેટા પ્રવાહ દ્વારા મુસાફરોને પારદર્શક અને વિશ્વસનીય સેવાઓ મળશે.

આ ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ સેન્ટર માત્ર એક ઈમારત નથી, પરંતુ અદ્યતન ટેકનોલોજી અને સંકલિત કાર્યપ્રણાલીનું પ્રતિક છે. આ કેન્દ્ર ૨૪×૭ કાર્યરત રહેશે. કર્મચારીઓની સુવિધાને ધ્યાનમાં રાખતા તેને આધુનિક અને કાર્યક્ષમ કાર્યસ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે, સાથે જ કર્મચારીઓ માટે કેન્ટીન, આરામ કક્ષ, મીની બોર્ડ રૂમ અને સમર્પિત પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી કાર્ય વધુ સરળ, સુગમ સુવ્યવસ્થિત અને અસરકારક બને.

ઈરાની સેનાએ હોર્મુઝની ખાડીમાં ત્રણ જહાજ પર ફાયરિંગ કર્યું

# ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફી યુદ્ધ વિરામ લંબાવ્યો: ઈરાને કહ્યું, અમે વિચારીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

યુદ્ધ વિરામ પૂરો થાય તે પહેલા ઈરાન દ્વારા સંધિનો સ્વીકાર ન થાય તો બોમ્બમારો કરવાની અને કોઈપણ સંજોગોમાં યુદ્ધ વિરામ નહીં લંબાવવાની ચીમકીઓ આપનારા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની આદત મુજબ અચાનક જ યુ ટર્ન લીધો છે. તેમણે અનિશ્ચિત મુદત માટે યુદ્ધ વિરામ લંબાવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે દાવો કર્યો છે કે પાકિસ્તાનની વિનંતીને માન આપી આ પગલું ભરવામાં આવ્યું છે. ટ્રમ્પની આ પહેલને ઈરાને ઠંડો પ્રતિસાદ આપ્યો છે અને યુદ્ધ વિરામ લંબાવવાનું સત્તાવાર એલાન કરવાના બદલે વિચારણા કરવાનું કહીને વચલો માર્ગ કાઢી લીધો છે. યુદ્ધ વિરામનું એલાન કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનની સરકાર ગંભીર રીતે લકવા જેવી હાલતમાં મૂકાઈ છે. ઈરાનની આ સ્થિતિ અને પાકિસ્તાની સૈન્યના વડા ફિલ્ડ માર્શલ અસિમ મુનીર તથા વડાપ્રધાન શેહબાઝ શરીફે કરેલી વિનંતીના પગલે ઈરાન પર હુમલા રોકવાનો નિર્ણય લીધો છે. ઈરાનના પ્રતિનિધિઓ અને નેતાઓ એક સૂરે વાટાઘાટો માટે કોઈ પ્રસ્તાવ સુધી ન પહોંચે ત્યાં સુધી હુમલા કરાશે નહીં. આ સાથે ટ્રમ્પે ઈરાનની નાકાબંધી અને આર્થિક પ્રતિબંધો કાયમ રાખવાની જાહેરાત પણ કરી હતી. ઈરાનની નાકાબંધી સહેજ પણ ઢીલી ન પડે તેનું ધ્યાન રાખવા ટ્રમ્પે યુએસ સૈન્યને ખાસ તાકિદ કરી છે.ટ્રમ્પના આ નિર્ણયને આવકારતા પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે કહ્યું હતું કે, વાટાઘાટો મારફતે ઘર્ષણનો ઉકેલ લાવવા પાકિસ્તાન નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરશે. બંને પક્ષ યુદ્ધ વિરામનું પાલન કરશે તેવી આશા વ્યક્ત કરી શરીફે ટૂંક સમયમાં શાંતિ કરાર થવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. ઈસ્લામાબાદમાં આગામી તબક્કાની વાટાઘાટો થકી ઘર્ષણનો કાયમી ઉકેલ આવશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. યુએસ તરફથી યુદ્ધ વિરામ જાહેર થવા છતાં ઈરાને બુધવારે હોર્મુઝની ખાડીમાં ત્રણ જહાજ પર ફાયરિંગ કર્યું હતું અને તેમાંથી બે જહાજ જપ્ત કરી લીધા હતા. બે અઠવાડિયાનો યુદ્ધ વિરામ પૂરો થવાની તૈયારીમાં હતો ત્યારે ટ્રમ્પે કરેલી નાટ્યાત્મક જાહેરાતથી પાકિસ્તાનના નેતાઓ રાજી થઈ ગયાં છે. શુક્રવારે યુએસ-ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાટાઘાટો થવાની અપેક્ષા ટ્રમ્પે વ્યક્ત કરી છે. આ સંદર્ભે ઈરાનિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાકેઈના જણાવ્યા મુજબ, ઈસ્લામાબાદમાં પાકિસ્તાનની મધ્યસ્થીમાં યોજાનારી વાટાઘાટોમાં હાજરી બાબતે તેહરાન તરફથી કોઈ નિર્ણય લેવાયો નથી. ઈસ્લામાબાદ જવાનું દેશહિતમાં જરૂર લાગશે તો જ ઈરાનનું પ્રતિનિધિ મંડળ જશે. જો કે હાલના તબક્કે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.અમેરિકા સાથે વાટાઘાટોના કડવા અનુભવનું સ્મરણ કરતાં ઈસ્માઈલે કહ્યું હતું કે, પરસ્પર વિશ્વાસ અને સદભાવ સાથે મુદ્દાની ગંભીરતાને જોતાં ઈરાનનું પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન ગયુ હતું, પરંતુ વાટાઘાટો કરી રહેલા અન્ય પક્ષમાં ગંભીરતા તથા સદભાવનો સદંતર અભાવ હતો. ટ્રમ્પે લંબાવેલા યુદ્ધ વિરામને આવકારવાના બદલે ઈરાનના રીવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા ભ્રાન્સેસ્કા અને એપામિનોડ્સ નામના બે જહાજને આંતરવામાં આવ્યા હતા.

# યુદ્ધ વચ્ચે અમેરિકા-ઈઝરાયલને મોજતબાની ચેતવણી: ઈરાનની અસાધારણ એકતાએ શત્રુઓને નબળા પાડ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ગંભીર રીતે ઘાયલ હોવાના અહેવાલો વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ નવો સંદેશ જારી કરીને જવાબ આપ્યો છે. શુક્રવારે રાષ્ટ્રજોગ સંદેશમાં ખામેનેઈએ કહ્યું કે, ઈરાનની અસાધારણ એકતાએ શત્રુઓને નબળા પાડ્યા છે.

તેમણે મીડિયા દ્વારા લોકોના મગજ સાથે ખેલ ખેલવાનો આરોપ લગાવતા અમેરિકા અને ઈઝરાયલને ચેતવણી પણ આપી છે. અગાઉ એક રિપોર્ટમાં મોજતબા ખામેનેઈ અંગે એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ ગંભીર રીતે ઘાયલ છે અને તેઓ બોલવા માટે પણ અસમર્થ છે.

મોજતબા ખામેનેઈ તરફથી ગુરુવારે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આપણા દેશવાસીઓ વચ્ચેની આ એકતાને કારણે શત્રુઓ ભાંગી પડ્યા છે. જો આ એકતાને વધુ મજબૂત કરવામાં આવશે, તો શત્રુઓ વધુ નબળા અને લાચાર બની જશે. ઈરાની સુપ્રીમ લીડરે અમેરિકા અને ઈરાન પર આરોપ લગાવતા કહ્યું કે, શત્રુઓ મીડિયાના માધ્યમથી લોકોના મગજ અને વિચારસરણીને પ્રભાવિત કરીને રાષ્ટ્રીય એકતાને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખામેનેઈએ ચેતવણી આપી છે કે, આવા ષડયંત્રને ક્યારેય સફળ નહીં થવા દઈશું. આ પહેલા મોજતબા ખામેનેઈના સ્વાસ્થ્યને લઈને અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી હતી. અહેવાલો પ્રમાણે ગત ફેબ્રુઆરી મહિનામાં અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. બીજી તરફ યુદ્ધ શરૂ થયા બાદથી ખામેનેઈ અત્યાર સુધી જાહેરમાં દેખાયા નથી અને માત્ર લેખિત સંદેશા જ જારી કરી રહ્યા છે, જેને કારણે આ અટકળો વધુ તેજ બની છે. હવે તેમના સ્વાસ્થ્યને લઈને ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટમાં મોટા દાવા કરવામાં આવી રહ્યા છે. એક અહેવાલમાં ઈરાની અધિકારીઓના હવાલે એવો દાવો કરવામાં આવ્યો છે કે, હુમલામાં મોજતબા ખામેનેઈનો ચહેરો અને હોઠ ગંભીર રીતે દાઝી ગયા છે. આ જ કારણ છે કે તેમને બોલવામાં મુશ્કેલી પડી રહી છે અને આગામી સમયમાં તેમને પ્લાસ્ટિક સર્જરીની જરૂર પડશે. બીજી તરફ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, તેમના એક પગની ત્રણ વખત સર્જરી થઈ ચૂકી છે અને તેમને કૃત્રિમ પગ એટલે કે પ્રોસ્થેટિક લેગની જરૂર પડી શકે છે. આ સાથે જ તેમના એક હાથનું પણ ઓપરેશન કરવામાં આવ્યું છે, જે બાદ તેમની હાલતમાં ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે. જોકે, ઈરાન દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તમામ મહત્વના નિર્ણયો અત્યારે પણ મોજતબા ખામેનેઈ પોતે જ લઈ રહ્યા છે.

## ભાવનગર ટર્મિનસ–શહીદ કૅપ્ટન તુષાર મહાજન એક્સપ્રેસની સેવાઓ પુનઃ શરૂ

યાત્રિયોની સુવિધા તથા વધતી માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ રદ કરવામાં આવેલી ટ્રેન નંબર ૧૯૧૦૭/૧૯૧૦૮ ભાવનગર ટર્મિનસ–શહીદ કૅપ્ટન તુષાર મહાજન એક્સપ્રેસની સેવાઓ પુનઃ શરૂ (Restoration) કરવા માટે નિર્ણય લેવામાં આવ્યા છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે આ ટ્રેન માટેનું આરક્ષણ (બુકિંગ) ૨૪ એપ્રિલ, ૨૦૨૬ (શુક્રવાર)થી IRCTC વેબસાઈટ તથા PRS કાઉન્ટરો મારફતે શરૂ થઈ ચૂક્યું છે. આ ટ્રેન ૦૭ જૂન, ૨૦૨૬થી આગળની મુસાફરીની તારીખો માટે ઉપલબ્ધ રહેશે.

ઉલ્લેખનીય છે કે પરિચાલન સંબંધિત કારણોસર આ ટ્રેનનું સંચાલન અગાઉ નિર્ધારિત સમયગાળા માટે સ્થગિત રાખવામાં આવ્યું હતું. હવે મુસાફરોની વધતી માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને તેની સેવાઓ ફરી શરૂ કરવામાં આવી રહી છે, જેના કારણે મુસાફરોને આવન-જાવનમાં વધુ સારો વિકલ્પ મળશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ શર્માએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ મુસાફરી પહેલાં ટ્રેનોની તાજી સ્થિતિની માહિતી અવશ્ય મેળવી લે અને આ સુવિધાનો વધુમાં વધુ લાભ લે.

# વિજાપુરના પામોલ પાસેથી શંકાસ્પદ ગૌમાંસ ભરેલી ઈકો પલટી ખાઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વિજાપુર

વિજાપુર-વિસનગર રોડના પામોલ પાસે ગુરુવારે એક ઈકો કાર પલટી ખાઈ હતી. જેમાં તપાસ કરતાં શંકાસ્પદ ગૌમાંસ ભરેલું હતું. આ અંગે વિજાપુર પોલીસને જાણ કરવામાં પોલીસે ઘટના સ્થળે જઈ એફએસએલને જાણ કરી હતી. એફએસએલ દ્વારા સેમ્પલ લઈ તપાસ માટે મોકલી અપાયું હતું. જ્યારે ઈકોના ફરાર ચાલકને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે મળતી માહિતી મુજબ, ગુરુવારની વહેલી સવારે વિસનગર-વિજાપુર રોડ ઉપર આવેલા પામોલ ગામ નજીક ઈકો ગાડી અચાનક પલટી ખાઈ ગઈ હતી. આ ઈકોમાં અંદાજે ૩૦૦થી ૪૦૦ કિલો શંકાસ્પદ ગૌ માંસ ભરેલું હતું. ઈકો પલટી ખાધા બાદ તેનો ચાલક ઈકો મૂકીને ફરાર થઈ ગયો હતો. ઈકોમાં શંકાસ્પદ ગૌમાંસ ભરેલું હોવાની જાણ થતાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળ ગૌ-સેવા ટ્રસ્ટ વિજાપુરના કાર્યકર્તાઓને થતાં બનાવ સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને સમગ્ર મામલે વિજાપુર પોલીસ જાણ કરી હતી. વિજાપુર પીઆઈ દ્વારા એફએસએલને જાણ કરાતાં તેના અધિકારી આવી સેમ્પલ તપાસ માટે મોકલી આપવામાં આવ્યું છે. આ અંગે વિજાપુર પોલીસ મથકે ફરાર ચાલક વિરુદ્ધ જાણવા જોગ દાખલ કરવામાં આવી છે અને ફરાર ઈકો ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૪/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬૭૬ | ૪૩૦.૦૦ | ૬૮૯.૦૦ |
| ૨ | એરંડા | ૭૨૩ | ૧,૨૩૮.૦૦ | ૧,૨૭૭.૦૦ |
| ૩ | મકાઈ | ૭૦૬ | ૩૪૯.૦૦ | ૪૦૪.૦૦ |
| ૪ | ચણા | ૯૧ | ૯૦૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૫ | ચણા (કાબુલી ) | ૩૦ | ૧,૪૫૫.૦૦ | ૧,૫૬૧.૦૦ |
| ૬ | તમાકુ | ૧૧૨૬ | ૧,૩૯૦.૦૦ | ૨,૨૧૫.૦૦ |
| ૭ | તમાકુ (ગારીયુ) | ૭૨૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૨૦.૦૦ |
| ૮ | સોયાબીન | ૨૫ | ૯૮૦.૦૦ | ૧,૧૧૧.૦૦ |
| ૯ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૧૦ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૮૦.૦૦ |

મુનિમજી સોફટવેર

ટ્રાફિક નહીં હોય સિગ્નલ પર ઉભા નહીં રહેવું પડે

# હવે અમદાવાદ શહેરમાં AI થી થશે ટ્રાફિક કંટ્રોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

આજના સમયમાં મોટા શહેરોની સૌથી મોટી સમસ્યા ટ્રાફિક જામ છે. લોકો રોજ સિગ્નલ પર લાંબા સમય સુધી ફસાયેલા રહે છે, જેનાથી સમય અને ફ્યુઅલ બંનેનો બગાડ થાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે હવે જૂની રીતોને બદલે નવી ટેકનોલોજીનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. અમદાવાદે આ દિશામાં એક મોટું ડગલું ભરતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સ્માર્ટ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ લાગુ કરી છે, જે ટ્રાફિકને પોતાની મેળે નિયંત્રિત કરી શકે છે.

અમદાવાદમાં શરૂ કરવામાં આવેલી આ નવી સિસ્ટમ 'એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ' (Adaptive Traffic Control System) કહેવાય છે. તેને હાલમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શહેરના લગભગ ૧૦ મુખ્ય જંક્શન પર લગાવવામાં આવી છે. આ સિસ્ટમની સૌથી ખાસ વાત એ છે કે તે જૂની સિગ્નલ સિસ્ટમની જેમ ફિક્સ ટાઈમિંગ પર કામ નથી કરતી, પરંતુ રિયલ ટાઈમ ટ્રાફિકની સ્થિતિ મુજબ જાતે જ નિર્ણયો લે છે. આ સિસ્ટમમાં હાઈ-ટેક કેમેરા અને સેન્સર લગાવવામાં આવ્યા છે જે દરેક સમયે રોડ પર ચાલી રહેલા વાહનોની સંખ્યા, તેમની સ્પીડ અને ટ્રાફિકની ભીડનું સતત મોનિટરિંગ કરતા રહે છે. આ તમામ જાણકારીઓને છૈં સિસ્ટમ તરત જ પ્રોસેસ કરે છે અને નક્કી કરે છે કે કઈ દિશામાં સિગ્નલને વધુ સમય સુધી ગ્રીન રાખવું અને ક્યાં જલ્દી બદલવું?

ઉદાહરણ તરીકે, જો કોઈ એક રસ્તા પર ખૂબ વધારે વાહનો જમા થઈ ગયા છે અને બીજી તરફ રસ્તો લગભગ ખાલી છે, તો આ સિસ્ટમ આપમેળે વધુ ભીડવાળી દિશાને વધુ સમય આપશે. તેનાથી ત્યાં ઉભેલા વાહનોને જલ્દી નીકળવાની તક મળશે અને જામ વધવાનું ઓછું થઈ જશે.

પહેલાની સિસ્ટમમાં દરેક સિગ્નલનો સમય અગાઉથી ફિક્સ હતો, જેમ કે ૬૦ સેકન્ડ ગ્રીન રહેશે અને ૩૦ સેકન્ડ રેડ રહેશે, પછી ભલે રસ્તો ખાલી હોય કે ભરેલો હોય. આના કારણે ઘણીવાર લોકોએ કારણ વગર રાહ જોવી પડતી હતી. પરંતુ હવે આ AI સિસ્ટમના કારણે સિગ્નલનો સમય દરેક પળે બદલાઈ શકે છે, જેનાથી ટ્રાફિક વધુ સ્માર્ટ રીતે ચાલે છે.

આ નવી ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી ટ્રાફિક જામ ઓછો થશે, લોકોનો સમય બચશે અને વાહનોનું ફ્યુઅલ પણ ઓછું વપરાશે. જ્યારે વાહનો ઓછા રોકાશે અને વધુ સ્મૂધ રીતે ચાલશે, ત્યારે પ્રદૂષણ પણ ઘટશે. એટલે કે આ સિસ્ટમ પર્યાવરણ માટે પણ ફાયદાકારક છે.

આ ઉપરાંત, આ સિસ્ટમ ભવિષ્યમાં વધુ એડવાન્સ થઈ શકે છે. જેમ કે ઈમરજન્સી વાહનો એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ માટે રસ્તો ખાલી કરવો અથવા કોઈ ખાસ સમયે ટ્રાફિકને અગાઉથી મેનેજ કરવો. અત્યારે આ માત્ર એક ટ્રાયલ તરીકે શરૂ કરવામાં આવ્યું છે જેથી જોઈ શકાય કે તે કેટલું અસરકારક છે. જો તે યોગ્ય રીતે કામ કરશે તો આગામી સમયમાં તેને આખા શહેરમાં લાગુ કરી શકાય છે અને પછી બીજા શહેરો પણ આ મોડેલ અપનાવી શકે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# મોરબીમાં પરીવર્તનના એંધાણ : મતદારોનો મિજાજ બદલાયો: મારા નહી પણ સારા ને પસંદ કરવા મકકમ

**ભાજપમાં ભયંકર ક્રોસ વોટીંગની ભીતી : ઝુલતા પુલ દુર્ઘટના : મસ્જીદ ડીમોલેશન અને આંતરીક જુથવાદ સત્તાધારી પક્ષ ભાજપ માટે પડકારરૂપ**

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો જંગ હવે જામ્યો છે. પરંતુ આ વખતે મોરબીની રાજકીય હવા કંઈક અલગ જ સંકેતો આપી રહી છે. દાયકાઓથી જે પક્ષનો ગઢ ગણાતા આ વિસ્તારમાં હવે મતદારોનો મિજાજ બદલાયેલો જોવા મળી રહ્યો છે. શહેરના ચોરા થી લઈને ચા ની કીટલી સુધી એક જ ચર્ચા છે કે હવે પક્ષ કે નેતાના નામે નહી. પણ કામના નામે વોટ આપશે. મોરબીના જાગૃત નાગરીકો હવે મારા એટલે કે માનીતા ઉમેદવારને બદલે સારા અને સક્ષમ ઉમેદવારની પસંદગી કરવા તરફ વળ્યા છે.




ઝુલતા પુલની કડવી યાદો અને ટીકીટ વિતરણમાં રોષ, મોરબીની જનતાના હૃદયમાં હજુ પણ ઝુલતા પુલ દુર્ઘટનાના ઘા રૂંઝાયા નથી. સ્થાનિકોમાં ભારે ચર્ચા છે કે ભાજપે આ દુર્ઘટના માટે જવાબદાર ગણાતા અથવા તેની સાથે સંકળાયેલા જુના ચહેરાઓને ફરીથી મેદાનમાં ઉતારીને લોકોની સંવેદના સાથે ચેડા કર્યા છે. આ બાબતે સોશીયલ મીડીયાથી લઈને મહોલ્લા સુધી ભાજપ વિરૂધ્ધ છુપો રોષ જોવા મળી રહ્યો છે. મતદારોનુ કહેવુ છે કે જે નેતાઓ જનતાની સુરક્ષા ન કરી શકયા તેમને ફરી સત્તા કેમ સોંપવી? આ વખતે ભાજપ માટે સૌથી મોટો પડકાર બહારના વિરોધીઓ કરતા અંદરના અસંતુષ્ટો છે. ટીકીટ ન મળતા અનેક દિગ્ગજ નેતાઓ અને પાયાના કાર્યકરો નારાજ થયા છે. સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપના જ અનેક કાર્યકરો પોતાના જ પક્ષના ઉમેદવારોને હરાવવાના મુડ માં છે. મારો ટેકેદાર પહેલા, સારો ઉમેદવાર પછી એવી નીતિને કારણે પાયાના કાર્યકરોમાં ભારે અસંતોષ છે. અનેક નારાજ નેતાઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જે સીધી રીતે ભાજપના મતોમાં ગાબડુ પાડશે તેવુ દેખાઈ રહ્યુ છે. મોરબીના મણીમંદિર પાસે આવેલી મસ્જીદના ડીમોલેશન બાદ લઘુમતિ સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લઘુમતિ વિસ્તારોમાં એવી લાગણી પ્રવતી રહી છે કે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા તેમની અવગણના કરવામાં આવી રહી છે. આ રોષ આગામી ચુંટણીમાં ભાજપ વિરૂધ્ધ વોટીંગમાં પરીવર્તીત થાય તેવી પુરેપુરી શકયતા છે. આ સમુદાય હવે એકતરફી પરીવર્તનના પક્ષમાં મતદાન કરી શકે છે. પાયાની સુવિધાઓનો અભાવ છે. રોડ રસ્તા અને ગટરની વ્યવસ્થા જૈ સૈ થૈ છે.

મોરબી ઉદ્યોગ જગતમાં વિશ્વસ્તરે નામ ધરાવે છે. પરંતુ સ્થાનિક સ્તરે સુવિધાઓના નામે મીંડુ છે. તુટેલા રોડ રસ્તાઓ, ઉભરાતી ગટરો અને પીવાના પાણીની અનિયમિતતાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. દર ચુંટણીમાં અપાતા વચનો પુરા ન થતા હોવાથી મતદારો હવે સત્તાધારી પક્ષ ભાજપથી કંટાળ્યા છે. લોકોમાં ચર્ચા છે કે કરોડોનુ ટર્નઓવર આપતા શહેરોમાં જો રોડ રસ્તા સારા ન હોય તો સત્તાધારી ભાજપના નેતાઓ કેમ છે શું ? ત્રીજા વિકલ્પ તરીકે ઉભરતો ઝુકાવ આ વખતે મોરબીમાં ભાજપ કોંગ્રેસના પરંપરાગત જંગની વચ્ચે આમ આદમી પાર્ટી મજબુત રીતે ઉભરી રહી છે. લોકો ખાસ કરીને મધ્યમવર્ગ અને યુવા વર્ગ શિક્ષણ અને સ્વાસ્થ્યના મોડલથી પ્રભાવિત થઈ આમ આદમી પાર્ટી તરફ ઝુકી રહ્યો હોય તેવુ જણાય છે. જો પરીવર્તનની લહેર જોર પકડશે તો ભાજપના મતોમાં મોટુ ગાબડુ પડી શકે છે. વિશ્લેષકોના મતે આ વખતે મોરબીમાં ભયંકર ક્રોસ વોટીંગ જોવા મળી શકે છે. પક્ષ પ્રત્યેની વફાદારી બાજુ પર મુકીને લોકો વ્યકિતગત સ્તરે સારા ઉમેદવારને પસંદ કરશે. ભાજપના જ અસંતુષ્ટ નેતાઓ અને કાર્યકરો જો અંદરખાને ગાબડુ પાડશે તો ચુંટણીના પરીણામો આશ્ચર્યજનક આવી શકે છે. મોરબીની જનતાએ હવે મન બનાવી લીધુ છે કે તેઓ લાંબા સમયથી ચાલી આવતી ભ્રષ્ટ અને નિષ્ક્રિય વ્યવસ્થાને બદલશે. હવે જોવાનુ એ રહેશે કે સારા ઉમેદવારની આ શોધમાં મોરબીના તાજ પર કોણ બિરાજશે.

# આજે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચાર પડઘમ શાંત : રવિવારે સત્તાનો સેમીફાઈનલ

**૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં ઉમેદવારોનુ ભાવી નકકી થશે**




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલને રવિવારે યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે આજે શુક્રવારે સાંજ થી પ્રચાર પડઘમ શાંત થતા હવે ઉમેદવારોએ માઈક અને ડી જે ના તાસીરા વગર ચુંટણી પ્રચાર શરૂ કર્યો છે. જયારે વહિવટી તંત્ર દ્વારા મતદાન માટે જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આવતી કાલે રવિવારે રાજયની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૧૦૦૦૬ બેઠકોની ચુંટણી યોજાનાર છે. આ પૈકીની ૭૩૪ જેટલી બેઠકો બિનહરીફ થઈ હોવાથી બાકીની બેઠકો માટે રવિવારે મતદાન થનાર છે. જયારે તારીખ ૨૮ એપ્રિલે મંગળવારે મતગણતરી સાથે પરીણામો જાહેર થનાર છે. ફેર મતદાનની જરૂર પડે તો તારીખ ૨૭ મી એપ્રિલે ફેર મતદાન કરવામાં આવશે. આજે શુક્રવારે સાંજ થી પ્રચાર પડઘમ શાંત પડતાની સાથે જ અન્ય વિસ્તારોમાંથી પ્રચાર માટે આવેલા નેતાઓ અને કાર્યકરોને પોત પોતાના મત વિસ્તારમાં જતા રહેવાની ચુંટણી પંચ દ્વારા આદેશો આપવામાં આવ્યા છે. ગુજરાતમાં હીટવેવ સાથે ગ્રામ પંચાયતો સિવાયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આ ચુંટણી આગામી વિધાનસભાની ચુંટણીના સેમીફાઈનલ સમાન ગણાય છે. ત્યારે ગરમીના કારણે મતદારો કેવો ઉત્સાહ બતાવે છે તે તો રવિવારે સાંજે જ ખબર પડશે. પરંતુ નિરસ રાજકીય વાતાવરણ, ગરમી અને લગ્નગાળાના કારણે મતદાન ઉપર અસર થવાની પુરેપુરી શકયતા છે. ૪.૧૯ કરોડ થી વધુ મતદારો માં ગ્રામ્ય વિસ્તારના મતદારોની સંખ્યા ૨.૭૪ કરોડ છે. જયારે શહેરી મતદારોની સંખ્યા ૧.૪૪ કરોડ છે. જયારે ઉમેદવારોની સંખ્યા ૨૭ હજાર થી વધુ છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો જંગ હવે તેના અંતિમ અને નિર્ણાયક તબકકા માં પ્રવેશ્યો છે. રવિવારે યોજાનારા મતદાન માટેનો સત્તાવાર પ્રચાર આજે સાંજ થી થંભી ગયો છે. ચુંટણીપંચના નિયમો અનુસાર મતદાનના ૪૮ કલાક અગાઉ જ જાહેર પ્રચાર, સભાઓ અને લાઉડ સ્પીકર પર પ્રતિબંધ આવી જતો હોય છે. જેના કારણે ઉમેદવારો પાસે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. છેલ્લા કેટલાય દિવસોથી રાજયના ખુણે ખુણે ગુંજતા પ્રચારના પડઘમ આજે શુક્રવારે સાંજે શાંત થતા જ સમગ્ર રાજયમાં સાયલન્સ પીરીયડ શરૂ થશે. જે દરમિયાન ઉમેદવારો માત્ર વ્યકિતગત સંપર્ક કે ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે. રાજકીય પક્ષોએ પણ આ આંકડાઓને ધ્યાનમાં રાખીને પ્રચારમાં કોઈ કસર છોડી નથી. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓએ છેલ્લા દિવસોમાં રેલીઓ અને રોડ શો દ્વારા મતદારોને રીઝવવા આકાશ પાતાળ એક કર્યા છે. પ્રચારના અંતિમ કલાકોમાં સોશીયલ મીડીયાના માધ્યમથી પણ આક્રમક રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

ખાસ કરીને અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા મહાનગરોમાં ત્રિપાંખીયો જંગ જામ્યો હોવાથી પ્રચારમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. જે આજે સત્તાવાર રીતે શાંત પડી ગયો છે. તંત્ર દ્વારા સુરક્ષા અને શાંતિપૂર્ણ મતદાન માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સંવેદનશીલ મતદાન મથકો પર વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે અને ડ્રોન તેમજ સીસીટીવી દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. આજે પ્રચાર પડઘમ શાંત થતાની સાથે જ કોઈપણ બહારની વ્યકિત જે તે મતવિસ્તારમાં રોકા શકશે નહી તેવા આદેશો પણ જારી કરાયા છે.

# ગેનીબેન ઠાકોરના ગંભીર આક્ષેપ: પોલીસ ધાનેરાથી અમદાવાદ સુધી દારૂની ગાડીઓનુ પાયલોટીંગ કરે છે: કરોડોના હપ્તા મળે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચાર પડઘમ આજે શુક્રવારે મોડી સાંજે શાંત થઈ ગયા છે. તમામ પક્ષો એક બીજા પર આક્ષેપ પ્રતિ આક્ષેપ કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ ભાજપ પર મોટા પ્રહાર કર્યા છે. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે ઘણા ગામડાઓમાંથી વાત મળી છે કે ભાજપ ધમકી આપે છે કે મત નહી તો ગ્રાન્ટ નહી મળે, તેમની આ વાતો લોકશાહી અને બંધારણની વિરૂધ્ધમાં છે.

કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે ઘણા ગામડાઓમાંથી જાણવા મળ્યુ છે કે તમે ભાજપને વોટ નહી આપો તો અમે વિકાસના કામો નહી આપીએ, ગ્રાન્ટ નહી આપીએ, આ લોકો જે વાત કરી રહ્યા છે તે બંધારણ અને લોકશાહીની વિરૂધ્ધમાં વાત કરી રહ્યા છે. આ લોકો ધમકીની ભાષામાં વાત કરી રહ્યા છે. શાસન કોઈનુ પણ હોય, ભાજપનુ હોય કે કોંગ્રેસનુ હોય, લોકોની મહેરબાનીથી, લોકોના પરસેવાની કમાણી, ટેક્ષના પૈસાથી વિવિધ બજેટ બનતુ હોય છે અને યોજનાઓ બનતી હોય છે. આ સાથે તેમણે ગુજરાત પોલીસ પર પણ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે રાજસ્થાન લાગુ બોર્ડરમાં રોજની હજારો ગાડીઓમાં દારૂ ગુજરાતમાં ઠલવાય છે. પોલીસ બુટલેગરોને મદદ કરે છે અને એમની પાસેથી કરોડો રૂપીયાના હપ્તા લેવામાં આવે છે. જેનાથી અમારા વિસ્તાર અને ગુજરાતનુ યુવાધન બરબાદ થઈ રહ્યુ છે. ગેનીબેને વધુમાં જણાવ્યુ હતુ કે બોર્ડર વિસ્તારમાં પોલીસને ટાર્ગેટ આપવામાં આવે છે કે તમારે આટલો દારૂ વેચવો જ પડશે. પોલીસ દારૂ માટે વોટસએપ ગૃપ પણ ચલાવે છે. પોલીસના વોટસએપ ગૃપ




દારૂની લાઈનો માટે ચાલે છે. દારૂની ગાડીઓ કેટલે પહોચી, આ ગાડીઓ કોઈએ રોકી તો નથી ને, બધા પર વોચ રાખે છે, પોલીસે ધાનેરાના બોર્ડર થી નિકળીને અમદાવાદ સુધી વોચ ગોઠવી હોય છે.

જેમ રાજા મહારાજાના વરઘોડા નિકળે તેમ દારૂની ગાડીઓ નિકળે અને પોલીસ તેનુ પાયલોટીંગ કરે છે. ગરીબ માણસ ફરીયાદ કરવા જાય તો પોલીસને ટાઈમ નથી, પણ બુટલેગરોની ગાડીઓ માટે પોલીસને ટાઈમ છે. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે દારૂ વેચવાવાળા ચેલેન્જ મારીને કહે છે કે અમને કોઈ કંઈ કહેવાનુ નથી, અમે નિયમિત હપ્તા આપીએ છીએ, તમારે જેટલી અમારી વિરૂધ્ધ ફરીયાદ કરવી હોય તેટલી કરજો, બુટલેગરો પાસેથી કરોડોના હપ્તા લેવામાં આવે છે. બે દિવસ અગાઉ પણ ગેનીબેન ઠાકોરે સુરેન્દ્રનગરની સભામાં અનેક આક્ષેપો કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૨૩ ના વર્ષમાં મહિલા અનામત બીલ લોકસભામાં પસાર થઈ ગયુ છે. છતાં હજુ સુધી તેને લાગુ કરવામાં આવ્યુ નથી. ચુંટણી સમયે જ મત લેવા માટે સરકારને આ બીલ યાદ આવી રહ્યુ છે. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ ગેનીબેન ઠાકોરને સમર્થન જાહેર કર્યુ હતું. તાજેતરમાં સુરેન્દ્રનગર મહામંત્રી વિક્રમ રબારી ભાજપમાં જોડાયા હતા. તેમના દ્વારા પાટડી નગરપાલિકા અને તાલુકા પંચાયતોને બિનહરીફ કરાવવામાં આવી છે. ગેનીબેન ઠાકોરે આ વિશે પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ૨૬ તારીખ પછી તેમને કોઈ બોલાવવાનુ પણ નથી. ભાજપના ગોડાઉનમાં કોંગ્રેસના કેટલાય નેતાઓ ભરેલા છે. જેમનો ઉપયોગ કરીને તેમને મુકી દેવામાં આવે છે.

# ભાજપ કામ વધારે કરે છે પરંતુ ઓછુ બોલે છે : તેના કારણે વિપક્ષ પાસે જનતા વચ્ચે જવા માટે કોઈ મુદ્દો જ નથી : મંત્રી કૌશિક વેકરીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમનો આજે શુક્રવારે છેલ્લો દિવસ હતો ત્યારે નેતાઓએ પણ પુરજોશમાં પ્રચાર પ્રસાર કરી દીધો છે.

ત્યારે સત્તાધારી પક્ષ ભાજપના પ્રચારમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ પ્રચાર કરી રહ્યા છે. પરંતુ સત્તાધારી પક્ષ ભાજપ જેવો પ્રચાર તો તે પણ કરી રહ્યા નથી. આ વાત તેઓ પોતે ખાનગીમાં કબુલે છે. ભાજપનો આક્રમક પ્રચાર જારી છે.

સૌરાષ્ટ્રમાં ભાજપનો આક્રમક પ્રચાર કરવાની ધુરા રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ ઉપાડી છે. અમરેલીના વડીયામાં રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા ગર્જયા હતા. વિકાસના મુદ્દે કૌશિક વેકરીયાએ વિપક્ષની આકરી ઝાટકણી કાઢી હતી. વડીયાના શિવાજી ચોક ખાતેની



જનસભામાં તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસ એક જ કામ કરશે. પરંતુ દાયકાઓ સુધી ગણાવશે, જયારે ભાજપ કોંગ્રેસની તુલનાએ ઘણુ બધુ કરે છે. આમ ભાજપ કામ વધારે કરે છે. પરંતુ ઓછુ બોલે છે. તેના કારણે વિપક્ષ પાસે જનતા વચ્ચે જવા માટે કોઈ મુદ્દો જ નથી. આજે અમુક પાર્ટીના લોકો તેના નેતા સાથે નિકળ્યા હતા. માંડ ઘણીને ૧૭ લોકો હતા. જે ઢોલ નગારા સાથે નિકળ્યા હતા. આપણે ત્યાં આનાથી વધારે ભીડ તો લગ્નમાં જોવા મળે છે. અમુક લોકો પછી તેમના સાથે જોડાયા છે. તે અમારા ધ્યાનમાં છે.

ભાજપના શાસનમાં ગુજરાતનો અને દેશનો આખો કાયાકલ્પ થયો છે. કોંગ્રેસ અને વિપક્ષી જોડાણ સત્તાભુખ્યુ હોવાનુ તેમણે જણાવ્યુ હતું. તેમણે દાવો કર્યો હતો કે ભાજપના વિકાસના આ રથને કોઈ રોકી શકશે નહી. ભાજપનો વિજય નિશ્ચિત છે. અમે હંમેશા પ્રજાની સાથે રહીએ છીએ. તેના કારણે જ પ્રજા અમને વારંવાર ચુંટે છે. પ્રજાના પ્રશ્નો અને તકલીફોને સાંભળીએ છીએ અને તેમના નિવારણની દિશામાં આગળ વધીએ છીએ. અમે કંઈ વિપક્ષની જેમ લોકોને ઠાલા આશ્વાસનો આપતા નથી. અમારા પ્રચાર ઢંઢેરામાં આગળ હોય કે પાછળ હોય તેનો અમલ અમે કરી બતાવીએ છીએ.

# ડભોઈ–છોટા ઉદેપુર વિભાગમાં આવેલા બ્રિજનું સુદઢીકરણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ

પશ્ચિમ રેલવેના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ડભોઈ–છોટા ઉદેપુર વિભાગમાં આવેલા બ્રિજ નંબર ૧૩૦ ના મરમ્મત અને સુદઢીકરણ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ કાર્યથી પુલની રચનાત્મક મજબૂતી અને લાંબા ગાળાની સુરક્ષામાં નોંધપાત્ર વધારો થયો છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, આ પુલ નદીના તળાવમાં ગંભીર કટાવ (scouring)ને કારણે અસરગ્રસ્ત થયું હતું, જેનાથી પાઈલ કેપની નીચે પાઈલ્સ ખુલ્લી પડી હતી, જે રચનાત્મક સુરક્ષા માટે પડકારજનક સ્થિતિ હતી.

મુખ્ય સુદઢીકરણ કાર્યોમાં ખુલ્લી પાઈલ્સની સફાઈ અને ગ્રાઉટિંગ કરવામાં આવી તથા ૧.૪ મીટર લાઈનર્સની સ્થાપના કરવામાં આવી. દરેક પિયર પર ૮ (કુલ ૮૦) વધારાના પાઈલ્સનું નિર્માણ કરવામાં આવ્યું. પિયર જેકેટિંગ તથા નવા પાઈલ્સને હાલની પાયાને જોડવામાં આવ્યા.

આ કાર્ય અત્યંત સાવચેતી, ઉચ્ચ ગુણવત્તા માપદંડો અને સુરક્ષા પગલાં સાથે પૂર્ણ કરવામાં આવ્યું. પાઈલ્સની સફાઈ, તપાસ, ગ્રાઉટિંગ તથા ઈન્ટીગ્રિટી પરીક્ષણ જેવી પ્રક્રિયાઓને ખાતરી કરીને રચનાની મજબૂતીની પુષ્ટિ કરવામાં આવી. આ સુદઢીકરણ કાર્યથી પુલનું ભાર વહન ક્ષમતામાં વધારો થયો છે અને આ વિભાગમાં ટ્રેન સંચાલન વધુ સુરક્ષિત અને અવિરત બનશે. આ સિદ્ધિ ભારતીય રેલવેની સુરક્ષા, આધુનિકીકરણ અને યાત્રી સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.



**મિડલ ઈસ્ટમાં ટેન્શન વચ્ચે ટ્રમ્પની મોટી જાહેરાત**

# 'પરમાણુ હથિયારોના ઉપયોગની જરૂર જ નથી'

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં પરમાણુ હથિયારોના ઉપયોગને લઈને ચાલી રહેલી અટકળો પર વિરામ મુકતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે, 'અમેરિકા ઈરાન સામે પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે, કારણ કે હુમલાઓ દ્વારા ઈરાનની સૈન્ય તાકાતને પહેલાથી જ ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.'અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે, 'હું પરમાણુ હથિયારોનો ઉપયોગ શા માટે કરીશ? અમે પરંપરાગત શસ્ત્રો દ્વારા જ ઈરાનના સૈન્ય માળખાને સંપૂર્ણપણે તોડી પાડ્યું છે. કોઈએ પણ ક્યારેય પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. અમેરિકાએ આ ઘાતક હથિયાર વિના જ ઈરાનની લશ્કરી કમર તોડી નાખી છે, તેની નૌકાદળ ડૂબી ગઈ છે અને વાયુસેના તેમજ રડાર સિસ્ટમનો નાશ કરવામાં આવ્યો છે.'સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા ટ્રમ્પે ફેક ન્યૂઝના અહેવાલોને ફગાવતા લખ્યું હતું કે, 'જેઓ એમ માને છે કે હું ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ દબાણ હેઠળ કે ઉતાવળમાં છું, તે ખોટા છે. મારી પાસે દુનિયાનો બધો જ સમય છે, પરંતુ ઈરાન પાસે સમય નથી. તેમની ઘડિયાળ ટિક ટિક કરી રહી છે!'એક તરફ શાંતિ અને કરારની વાતો થઈ રહી છે, તો બીજી તરફ અમેરિકાએ પોતાની વ્યૂહાત્મક તૈયારીઓ તેજ કરી દીધી છે. યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ હિંદ મહાસાગરમાં પહોંચતા હવે આ ક્ષેત્રમાં અમેરિકાના ત્રણ એરક્રાફ્ટ કેરિયર્સ તહેનાત થયા છે.જેમાં યુએસએસ અબ્રાહમ લિંકન અરબી સમુદ્રમાં તહેનાત, યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ રાતા સમુદ્રમાં તહેનાત અને યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ હિંદ મહાસાગરમાં પહોંચ્યું છે. નોંધનીય છે કે, ટ્રમ્પે પુનરોચ્ચાર કર્યો હતો કે ઈરાન સાથે કરાર ત્યારે જ થશે જો તે અમેરિકા અને તેના સાથી દેશો માટે ન્યાયી અને ફાયદાકારક હશે.

**છેલ્લા ચાર વર્ષથી બંને ઈંધણના ભાવ સ્થિર રહ્યાં**

# પેટ્રોલ પર રૂ.૨૦, ડીઝલમાં ૧૦૦નું નુકસાન, છતાં ભાવ વધશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારની માલિકીની ઓઈલ કંપનીઓ પેટ્રોલ પર લિટર દીઠ રૂ. ૨૦નું અને ડીઝલ પર લિટર દીઠ રૂ. ૧૦૦નું નુકસાન કરી રહી છે, તે ઉપરાંત પશ્ચિમ એશિયાના યુદ્ધની સ્થિતિના પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવોમાં તોતિંગ વધારો થયો છે તેમછતાં છેલ્લા ચાર વર્ષથી આ બંને ઈંધણના ભાવ સ્થિર રહ્યા છે એમ કહી કેન્દ્ર સરકારે ગુરૂવારે સ્પષ્ટતા કરી હતી કે હાલ સરકાર આ ઈંધણના ભાવોમાં વધારો કરવા સહેજ પણ વિચારતી નથી.હાલમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થતાંની સાથે જ સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં લિટર દીઠ રૂ. ૨૫થી રૂ. ૨૮નો વધારો પ્રજાના માથે ઝીંકશે એવી અફવાનું ખંડન કરતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક્સ ઉપર અપલોડ કરેલી એક પોસ્ટમાં કહ્યું હતું કે પેટ્રોલ કે ડીઝલનો ભાવવધારો કરવાની સરકારની કોઈ યોજના નથી.પશ્ચિમ એશિયાની સ્થિતિ વિશે જાણ કરવા માટે યોજાયેલી એક પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ખનિજતેલ અને કુદરતી ગેસના ભાવોમાં ભારે અફડાતફડી જોવા મળી રહી છે તેમ છતાં સરકારે કોઈ ભાવવધારો કર્યો નથી. યુદ્ધ પહેલાં ક્રુડ ઓઈલના બેરલદીઠ ભાવ ૭૦ ડોલર હતા જે માર્ચમાં વધીને ૧૧૩ ડોલરે પહોંચી ગયા હતા. જે ખૂબ મોટો વધારો હતો, તેમ છતાં સરકારે ભાવવધારો કર્યો નથી, ઉલ્ટાનું આ જરૂરી ઈંધણના ભાવ સ્થિર રહે તે માટે સરકારે તમામ પ્રયાસો હાથ ધર્યા છે એમ શર્માએ ઉમેર્યું હતું.

**NCP નેતાએ કર્યા સનસનીખેજ દાવા**

# અજિત પવારનું વિમાન ક્રેશ કાળા જાદૂને કારણે થયું?

**અમોલ મિટકરીએ આરોપ લગાવ્યો છે કે બારામતીમાં અજિત પવાર વિરુદ્ધ કાળો જાદુ અને અઘોરી પૂજા કરવામાં આવી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના દિગ્ગજ નેતા અજિત પવારના વિમાન દુર્ઘટનામાં થયેલા દુઃખદ મોતના મહિનાઓ બાદ હવે આ મામલે એક ચોંકાવનારો દાવો કરવામાં આવી રહ્યો છે. NCP નેતા અને રાજ્ય વિધાન પરિષદના સભ્ય અમોલ મિટકરીએ આરોપ લગાવ્યો છે કે બારામતીમાં અજિત પવાર વિરુદ્ધ કાળો જાદુ અને અઘોરી પૂજા કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ૨૮ જાન્યુઆરીના રોજ બારામતીમાં થયેલા વિમાન ક્રેશમાં મહારાષ્ટ્રના તત્કાલીન ડેપ્યુટી સીએમ અને અન્ય ચાર લોકોના મોત થઈ ગયા હતા. અજિત પવારને પ્રેમથી દાદા કહેવામાં આવતા હતા.

મિટકરીએ દાવો કર્યો છે કે વિદ્યા પ્રતિષ્ઠાન એઆઈ બિલ્ડિંગના બાંધકામ સ્થળ નજીક મધ્યરાત્રિએ એક ભયાનક અઘોરી પૂજા કરવામાં આવી હતી. દાદા બીજા દિવસે સવારે આ નિર્માણાધીન બિલ્ડિંગનું નિરીક્ષણ કરવા માટે ત્યાં જવાના હતા. અન્ય એક પોસ્ટમાં સ્થાનિક લોકોના હવાલે મિટકરીએ જણાવ્યું કે વિમાન દુર્ઘટના પહેલા ખતલપટ્ટા કાટેવાડી વિસ્તારમાં અજિત પવારના બંગલા સામે એક બકરાને ઊંધો લટકાવવામાં આવ્યો હતો અને ત્યાં એક બિહામણી તાંત્રિક વિધિ કરવામાં આવી હતી. મિટકરીએ તપાસકર્તાઓ પાસે જવાબદારીની માંગ કરતા સવાલ ઉઠાવ્યો કે, અંધશ્રદ્ધામાં માનનારા લોકોએ દાદા પર કેવી રીતે હુમલો કર્યો, જેઓ ખુદ અંધશ્રદ્ધાનો સખત વિરોધ કરતા હતા? આ ભયાનક સત્ય જનતાની સામે આવવું જ જોઈએ. તેમણે વધુમાં એમ પણ કહ્યું કે ડર અહીં જ ખતમ નથી થતો. અજિત પવારના મોતના કારણોની તપાસ હજુ પણ ચાલી રહી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસમાં CBI તપાસની માંગ પણ ઉઠાવવામાં આવી છે, જોકે હજુ સુધી તેના આદેશની રાહ જોવામાં આવી રહી છે. આ દુર્ઘટના બાદ બારામતી વિધાનસભા મતવિસ્તારમાં પેટાચૂંટણી યોજાવાની છે, જેને લઈને રાજકીય માહોલ પણ ભાવુક અને ગરમાયો છે. બારામતીમાં એક ચૂંટણી રેલી દરમિયાન અજિત પવારના પત્ની સુનેત્રા પવારે પોતાના પતિના મોત અંગે શંકા વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું કે દરેક વ્યક્તિને આ દુર્ઘટનાનો જવાબ મળવો જોઈએ અને જો આમાં કોઈ પણ દોષિત જણાશે, તો તેને સખતમાં સખત સજા મળવી જોઈએ.

### ચૂંટણી સમયે પોલીસ-પેટ્રોલિંગ ટીમે જપ્ત કરેલી

# રૂપિયા ૫૦૦ની જૂની નોટો બદલી આપવા બોમ્બે હાઈકોર્ટનો RBIને આદેશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં ૮ નવેમ્બર,૨૦૧૬ ના દિવસે નોટબંધીની જાહેરાત થઈ હતી. અને અચાનક થયેલ નોટબંધીના કારણે કેટલાય લોકો સમય મર્યાદામાં રૂપિયા ૫૦૦ ની જૂની નોટો પણ બદલાવી નહીં શકેલા ત્યારે એવા જ સમય મર્યાદાના ભાગ રૂપે બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ને આદેશ આપ્યો છે કે નોટબંધીની જાહેરાત પછી પોલીસે જપ્ત કરેલી બે લાખની જૂની ૫૦૦ રૂપિયાની ચલણી નોટો બદલી આપવામાં આવે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જે ભૂલ અરજદારની નથી એની સજા તેને ન મળી શકે.

જ્યારે અચાનક ૨૦૧૬ ની ૮ નવેમ્બરે નોટબંધીની જાહેરાત કરાઈ હતી. ત્યારે અરજદાર ગિરીશ માલાણી ૨૦૧૬ની પહેલી ડિસેમ્બરે બે લાખ રૂપિયાની કેશ લઈને મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે કોર્પોરેશનની ચૂંટણી સંદર્ભે પોલીસ-પેટ્રોલિંગ ટીમે સાવચેતીના ભાગરૂપે એ રૂપિયા જપ્ત કર્યા હતા. ત્યાર બાદ ઈન્કમ ટેક્ષ વિભાગે તપાસમા આ નાણાં કાયદેસરના હોવાનું સ્વીકાર્યું હતું.

જોકે કાયદાકીય પ્રક્રિયાને કારણે આ રકમ અરજદારને ૨૦૧૬ની ૩૧ ડિસેમ્બરે પાછી મળી હતી. એ સમયગાળા દરમ્યાન જૂની નોટો જમા કરાવવાની અંતિમ તારીખ વીતી ગઈ હોવાથી RBI એ નોટો બદલી આપવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ ઉર્મિલા જોષી ફાળકે અને નિવેદિતા મહેતાની ખંડપીઠે જણાવ્યુ હતું કે ચલણી નોટો પોલીસ કસ્ટડીમા હોવાથી અરજદાર પાસે એને જમા કરાવવાનો કોઈ વિકલ્પ મળ્યો ન હોતો. કોર્ટે RBIની એ દલીલ પણ ફગાવી દીધી હતી કે નોટોના સિરિયલ નંબર નોંધવામાં આવ્યા ન હોતા. કોર્ટે ટાંકયું હતું કે કાયદાકીય વિલંબને કારણે અરજદારે નુકશાન વેઠવું પડે એ યોગ્ય નથી. હાઈકોર્ટે ગિરીશ માલાણીને એક સપ્તાહની અંદર જૂની નોટો RBI મા જમા કરાવવા જણાવ્યુ છે. અને રિઝર્વ બેંકને ૭ અઠવાડીયામા એની ચકાસણી કરીને એટલી જ રકમનું કાયદેસરનું ચલણ આપવાનો આદેશ આપ્યો છે.

# ઝેરી ભાત ખાતા મરી ગયેલા કુતરાનું માંસ ખાતા ૨૫ ગીધ મરણને શરણ થયા!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી પાસેના સેમરીયા ગામના એક ખેતરમાં એક સાથે ૨૫ ગીધોના શબ મળી આવ્યા હતા. ગામવાળાઓએ એક કૂતરો વારંવાર બકરીઓ પર હુમલો કરતો હોવાથી એને મારવા માટે ઝેરી પેસ્ટીસાઈડસ મેળવેલા ભાત ખવડાવી દીધા હતા. ઝેરી ભાત ખાઈને કૂતરો મરી ગયો હતો.

જોકે મરેલા કુતરાને ખુલ્લા ખેતરમાં પડેલો જોઈને ગીધોનું ટોળું ત્યાં આવી પડયુ. ગામવાળાઓને પણ નવાઈ લાગી અને આટલા બધા ગીધો ને આસમાનમાંથી ઉતરી પડેલા જોઈને ખુશ થઈ ગયા હતા. જો કે આ ખુશી બહુ ટકી ન હોતી. કૂતરાનું માંસ ઝેરી દવાને કારણે ઝેરી થઈ ચૂક્યું હતું અને એ માંસ જેણે ખાધું એ ગીધો પર પણ ઝેરની અસર થોડીવારમાં થવા માંડી હતી. અને એક પછી એક લગભગ ૨૫ ગીધોએ ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. આ વિસ્તાર દુધવા ટાઈગર રિઝર્વ ઝોનમાં આવે છે. તરત જ વન વિભાગની ટીમે આવીને મૃત ગીધ પોસ્ટમોર્ટમ કરાવવા માટે મોકલી આપ્યા હતા. હજી અન્ય પાંચ ગીધ બીમાર છે.

# આજે ચુંટણી પ્રચારના અંતિમ દિવસે પણ ભાજપ સામે વિરોધ ઓછુ થવાનુ નામ લેતો નથી: વડોદરાના બીલ ગામમાં ભાજપની રેલીમાં ભારે હંગામો

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના આજે અંતિમ દિવસે પણ રાજયમાં ઠેર ઠેર ભાજપ વિરૂધ્ધ પ્રજાનો રોષ ઓછુ થવાનુ નામ લેતો નથી. આજે પ્રચારના અંતિમ દિવસે પણ વડોદરાના બીલ ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલો રાજકીય રોષ આજે અંતિમ દિવસે ચરમસીમાએ પહોચ્યો હતો. ગામની વિવિધ સોસાયટીઓમાં ભાજપના કાર્યકરો સામે ચાલી રહેલા વિરોધ વચ્ચે આજે જયારે અંતિમ દિવસે



ભાજપની રેલી બીલ ગામમાં પહોચી ત્યારે સ્થાનિક રહીશો અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

મળતી માહિતી મુજબ બીલ ગામની અનેક સોસાયટીઓના રહીશો સ્થાનિક પ્રશ્નો અને પડતર માંગણીઓને લઈને સત્તાધારી પક્ષ ભાજપથી નારાજ છે. ઘણા દિવસોથી બીલ ગામમાં ભાજપના કાર્યકરો આવે ત્યારે સોસાયટીઓના ગેટ પણ બંધ થઈ જતા હતા. આજે પ્રચારના અંતિમ દિવસે જયારે ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે પ્રચાર માટે પહોચ્યા ત્યારે સોસાયટીઓના મુખ્ય ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા. સ્થાનિકોએ એક સુરે સુત્રોચ્ચાર કરી ભાજપની રેલીનો વિરોધ કર્યો હતો. વાતાવરણ વધુ તંગ બનતા અને બંને પક્ષો સામ સામે આવી જતા તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવી હતી. વડોદરા ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે વચ્ચે પડીને મામલો થાળે પાડવાની કોશિષ કરી હતી અને સ્થાનિકોને સમજાવ્યા હતા. જો કે ગ્રામજનોમાં ભાજપ પક્ષ પ્રત્યેનો આક્રોશ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. ચુંટણીના માહોલ વચ્ચે વડોદરા શહેર આજુબાજુના ગામડાઓમાં જે રીતે ભાજપનો વિરોધ થઈ રહ્યો છે. તે ભારતીય જનતા પાર્ટી માટે ચિંતાનો વિષય બન્યો છે. બીલ ગામની આ ઘટના બાદ રાજકીય લાંબીમાં ચર્ચાઓ તેજ બની છે.

# ઉના શહેરના આમ આદમી પાર્ટીના ઉમેદવાર પર કરાયો જીવલેણ હુમલો: ફાયરીંગ કરાયાની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

ઉના શહેરના નગરપાલિકાની ચુંટણીમાં વોર્ડ નં. ૫ અને ૭ ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને જાણીતા એડવોકેટ અજયભાઈ બાંભણીયા પર ગઈ કાલે મોડી રાત્રે જીવલેણ હુમલો થતા ચકચાર મચી જવા પામી હતી. અજયભાઈના કહેવા પ્રમાણે બે અજાણ્યા શખ્સોએ તેમના પર ફાયરીંગ કર્યુ હતું. જો કે પોલીસે ફાયરીંગની ઘટના નકારી સમગ્ર ઘટના માટે એફએસએલને બોલાવીને વધુ તપાસ કરી રહી છે.



ઉના શહેરમાં નગરપાલિકાની ચુંટણીમાં ત્રિપાંખીયો જંગ જામ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજયભાઈ બાંભણીયા પર જીવલેણ હુમલો થતા રાજકીય માહોલ ગરમાયો હતો. આ અંગે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજયભાઈ બાંભણીયાના કહેવા પ્રમાણે તેઓ રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાની કારમાં તપોવન પાટીયા નજીકથી પસાર થતા હતા. ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમની કારને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમના પર ફાયરીંગ પણ કર્યુ હતું. જો કે પોલીસે પ્રાથમિક તપાસમાં ફાયરીંગની ઘટનાને નકારી છે. બાંભણીયા પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ બનેલી ઘટના અંગે રજુઆત કરતી વખતે જ અચાનક ઢળી પડયા હતા. ગંભીર પરિસ્થિતિ જોતાં પોલીસે તાત્કાલીક તેમને ઉનાની ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડયા હતા.

પ્રાથમિક વિગતો મુજબ હુમલા દરમિયાન કારનો કાચ વાગવાથી તેમને માથાના ભાગે ઈજાઓ પહોચી હતી. હોસ્પીટલમાં સારવાર દરમિયાન અજયભાએ આક્ષેપ કર્યો હતો કે તેમના પર ફાયરીંગ કરવામાં આવ્યુ છે. જો કે પોલીસ આ મામલે અત્યંત સાવચેતી પૂર્વક તપાસ કરી રહી છે. હાલ પોલીસ દ્વારા ફાયરીંગની ઘટનાનુ સમર્થન કરવામાં આવ્યુ નથી. પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને તપોવન પાટીયા નજીક ઘટનાસ્થળે તપાસ શરૂ કરી છે. પોલીસે એફએસએલની ટીમ પણ બોલાવી છે. આ સાથે હોસ્પીટલ ખાતે કોઈ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. આ હુમલાના સમાચાર વાયુવેગે ઉના શહેરમાં ફેલાઈ જતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. આમ આદમી પાર્ટીના અન્ય ઉમેદવારો અને સમર્થકો મોટી સંખ્યામાં હોસ્પીટલ ખાતે એકઠા થયા હતા. ચુંટણીને માત્ર એક જ દિવસ બાકી છે ત્યારે ઉમેદવાર પર થયેલા હુમલાએ કાયદો અને વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કર્યા છે. જો કે આ હુમલો કોણે અને શા માટે કર્યો ? આ તમામ સવાલોના જવાબ પોલીસ તપાસ બાદ જ મળશે.

# કોંગ્રેસે પ્રજાને હેરાન કરવા ફોર્મ ભરાયા: પેનલ તુટશે તો હોદ્દો નહી મળે: હિંમતનગર ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી ની વોર્ડ નં. ૭ માં સભા યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં નગરપાલિકા ચુંટણી પ્રચાર અંતિમ તબકકામાં પહોચી ગયો છે. ત્યારે મોડે મોડે હિંમતનગર પાલિકાના ૭ વોર્ડ માં જિલ્લા સંગઠનના પદાધિકારીઓ અને ઉમેદવારોની ઉપસ્થિતિમાં વોર્ડ દીઠ સભાનુ આયોજન કરાયુ હતું. જેમાં પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે ચીમકી આપતા જણાવ્યુ હતુ કે જો કોઈ વોર્ડમાં પેનલ તુટશે તો અન્ય ને કોઈ હોદ્દો મળશે નહી. જેથી કાર્યકરોએ મતદારોને પેનલના




ઉમેદવારોને મત આપવા માટે આહવાન કર્યુ હતું.

પ્રદેશ ભાજપના મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે શહેરના વિવિધ વોર્ડમાં યોજાયેલ સભામાં જણાવ્યુ હતુ કે આપણે સૌએ મુઠ્ઠી વાળીને જયઘોષ કરવાના છે. કારણ કે પંજો આપણે પસંદ નથી અને પંજાને પણ આપણે દેખાવા દેવાનો નથી, કોંગ્રેસની સરકારે તેમના શાસનમાં આતંકવાદીઓ માટે જામીન આપવા અડધી રાત્રે તૈયાર થયા હતા. જયારે ભાજપના શાસનમાં આપણે આતંકવાદને નાથવા માટે અડધી રાત્રે સર્જીકલ સ્ટ્રાઈક કરીને તેમનો ખાત્મો બોલાવ્યો હતો. આ વખતે નગરપાલિકામાં જો ક્રોસ વોટીંગ થયાનુ જણાશે તો અને પેનલના એકપણ ઉમેદવાર નહી જીતે તો અન્યને હવે પછી કોઈ હોદ્દો મળશે નહી. ભાજપના શાસનમાં વડાપ્રધાન મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જે કામો કર્યા છે. જો તેનો હિસાબ કરવામાં આવે તો અનેક દિવસો નિકળી જાય તો પણ પૂર્ણ થતા નથી. પ્રદેશ ભાજપના મહામંત્રીએ પોતાના ચુંટણી પ્રચાર દરમિયાન હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૫,૬,૭,૮,૯ અને ૨ તેમજ ૧૦ ની ચુંટણી સભાઓમાં સ્વાગત કરવામાં આવ્યુ હતું.

અજય બ્રહ્મભટ્ટે મતદારોને સંબોધતા કોંગ્રેસના ચુંટણી ચિન્હ પંજા પર પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે વિરોધપક્ષ પર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે જયાં તેમને ઉમેદવાર મળતા નથી. ત્યાં બહારથી ઉમેદવારો લાવીને ઉભા રાખે છે અને પછી પૈસાથી ખરીદવાના કે ધાક ધમકી આપવાના આરોપો લગાવે છે.

# ગુજરાતમાં પરમીટ ધારકો માટે વિદેશી દારૂના નવા ભાવ જાહેર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગીફટ સીટી સિવાયના વિસ્તારોમાં દારૂબંધીનો અમલ થઈ રહ્યો છે. સરકારે ગાંધીનગરમાં ગીફટ સીટીમાં વાઈન અને ડાઈન પોલીસી અમલમાં મુકી છે. ત્યારે ચુંટણી દરમિયાન વિદેશી દારૂના ભાવમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં નશાબંધી અને આબકારી વિભાગ તેમજ ગૃહ વિભાગ દ્વારા પરમીટ ધારકો માટે નવુ ભાવ પત્રક જાહેર કર્યુ છે.



દારૂબંધી વચ્ચે પરમીટ ધારકો અને વિદેશી દારૂના વેચાણનુ લાયસન્સ ધરાવતા વેપારીઓ માટે વિગતો સામે આવી છે. નશાબંધી અને આબકારી વિભાગ તેમજ ગૃહ વિભાગ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચુંટણી દરમિયાન દારૂબંધીના અમલ વચ્ચે પરમીટ ધારકો માટે વિદેશી દારૂના ભાવમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. પોલીસ વિભાગે વિદેશી દારૂનુ નવુ ભાવપત્રક જાહેર કર્યુ છે. વિદેશી દારૂની ૬૩૬ બ્રાન્ડના ભાવમાં ફેરફાર કરાયો છે. પોલીસ વિભાગ દ્વારા ૨૦૨૬-૨૭ માટે વિદેશી દારૂના ભાવ નકકી કરવામાં આવ્યા છે. આયાતી દારૂના વેપારમાં પારદર્શિતા લાવવાનો હેતુ છે. ડીઝીટલ ટ્રાન્સપરન્સી લાવવા ભાવપત્રક ઓનલાઈન મુકવામાં આવ્યુ છે. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ લાવવાનો દાવો કરવામાં આવ્યો છે. કેટલીક જાણીતી બ્રાન્ડના ભાવ નકકી કરવામાં આવ્યા છે. જેમાં (૧) અમૃત સીંગલ માલ્ટ વિસ્કી રૂ.૪૦૪૦.૫૩ (૨) સીવાસ રીગલ (૧૨ વર્ષ જુની ) રૂ.૨૪૮૪.૮૫ (૩) બ્લેકએન્ડ વ્હાઈટ સ્કોચ રૂ.૧૭૭૭.૫૩ (૪) બ્લેક ડોગ સેન્ટેનરી રૂ. ૧૫૩૫.૧૧ (૫) એબ્સોલ્યુટ વોડકા રૂ.૧૪૯૭.૭૩ (૬) ૧૦૦ પાઈપર કોચ રૂ.૧૪૭૪.૫૧ (૭) એન્ટીકિવટી બ્લુ અલ્ટ્રા રૂ.૧૦૫૦.૨૭

# વડોદરા સાંસદની અધિકારીઓને ચેતવણી: ચુંટણી પુરી થયા બાદ આવા તમામ અધિકારીઓનો હિસાબ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા મહાનગરપાલિકાની ચુંટણી અગાઉ તમામ પક્ષો પ્રચારમાં લાગ્યા છે. મળતી જાણકારી અનુસાર વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ મનપાના નાના અધિકારીઓની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કેટલાક અધિકારીઓ વિપક્ષ સાથે મળીને સરકારને બદનામ કરવાનુ કાવતરૂ ઘડી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો.

હેમાંગ જોશીએ આરોપ લગાવ્યો હતો કે ચુંટણી નજીક આવતા જ કેટલાક અધિકારીઓ વિપક્ષ સાથે મળીને જાણી જોઈને પ્રજા માટે કૃત્રિમ સમસ્યાઓ ઉભી કરે છે.



અમુક અધિકારીઓ વિપક્ષી કોર્પોરેટરો સાથે સેટીંગ કરે છે. વોર્ડ નં. ૧૬ માં ખાસ કરીને પાણી પોલીટીકસ શરૂ કરવામાં આવ્યુ છે. અધિકારીઓ પાણી પુરવઠો બંધ કરીને ગાયબ થઈ જાય છે. અધિકારીઓ પાણી પુરવઠો કેમ બંધ કરે છે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. જયારે ભાજપના કોર્પોરેટરો તેમને શોધે ત્યારે તેઓ મળતા નથી. પરંતુ કોંગ્રેસના કોર્પોરેટરનો ફોન આવતા જ અધિકારીઓ તરત હાજર થઈ જાય છે. આવો ભેદભાવ રાખનારા અને વિપક્ષ સાથે ભળેલા અધિકારીઓને સાંસદે ચેતવણી આપી હતી કે ચુંટણી પુરી થયા બાદ તમામ અધિકારીઓનો હિસાબ કરાશે.

વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ અધિકારીઓને ચીમકી આપી કહ્યુ હતુ કે કેટલાક અધિકારીઓ વિપક્ષ સાથે ભળેલા છે. ચુંટણી વખતે અધિકારીઓ કૃત્રિમ સમસ્યા ઉભી કરે છે. વિપક્ષ સાથે મળીને અમુક અધિકારીઓ કૃત્રિમ સમસ્યા ઉભી કરે છે. આવા અધિકારીઓનો ચુંટણી બાદ હિસાબ થશે. અધિકારી વિપક્ષી કોર્પોરેટર જોડે સેટીંગ કરે છે. વોર્ડ નં. ૧૬ માં પાણી પોલીટીકસ શરૂ થાય છે. અધિકારી પાણી બંધ કરીને ગાયબ થઈ જાય છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોર્પોરેટરો અને કેટલાક અધિકારીઓની મીલીભગતથી વિકાસ કામો અટકાવવામાં આવે છે. હેમાંગ જોશીના કહેવા પ્રમાણે પહેલા પાણીના વાલ્વ બંધ કરી તેની ચાવી ગાયબ કરી દેવામાં આવે છે. પછી જયારે કોંગ્રેસના સીનીયર કોર્પોરેટર પહોચે ત્યારે જ ચાવી મળી આવે છે અને સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે છે. આ સમગ્ર પ્રકરણ દ્વારા લોકોમાં એક ખાસ છબી ઉભી કરવાનો પ્રયાસ થતો હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. સાંસદે વધુમાં કહ્યુ હતુ કે ભાજપના કોર્પોરેટર અધિકારીઓને ફોન કરે ત્યારે તેઓ ઉપલબ્ધ રહેતા નથી. પરંતુ ચોકકસ નેતાઓ માટે તંત્ર તરતજ કામ કરે છે. તેમણે અધિકારીઓના સેટીંગનો ઉલ્લેખ કરીને કહ્યુ હતુ કે ચુંટણી પૂર્ણ થયા બાદ આવા અધિકારીઓનો પણ હિસાબ લેવામાં આવશે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પ્રચારના અંતિમ દિવસે ચૈતર વસાવાને મળી મોટી મંજુરી: મતવિસ્તારમાં પ્રવેશ પરનો પ્રતિબંધ હટાવી લેવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. ત્યારે પ્રચારના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હવે પોતાના મતવિસ્તારમાં પ્રચાર પ્રસાર કરી શકશે. આગામી ૨૬ મી એપ્રિલે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે



મતદાન યોજાશે. ૨૮ મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે ત્યારે તે અગાઉ હવે ચૈતર વસાવાને પોતાના મતવિસ્તારમાં પ્રચાર પ્રસાર કરવા માટે મંજુરી આપવામાં આવી છે.

થોડાક દિવસ અગાઉ એક બેઠકમાં થયેલા વિવાદ બાદ ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. અને જયારે તેમને જામીન આપવામાં આવ્યા ત્યારે તેમને પોતાના મત વિસ્તાર ડેડીયાપાડામાં એક વર્ષ માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ૨૩ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી ડેડીયાપાડા વિસ્તારમાં પ્રવેશ કરવાની મંજુરી મળી ગઈ છે. અગાઉ કાયદાકીય કારણોસર તેમના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. પરંતુ હવે નિર્ધારીત સમયગાળા માટે પોતાના મત વિસ્તારમાં આવવાની પરવાનગી મળતા રાજકીય માહોલ ફરી ગરમાયો છે. આ સમયગાળા દરમિયાન ચૈતર વસાવા પોતાના સમર્થકો અને કાર્યકરો સાથે બેઠકો યોજી શકે છે. તેમજ વિવિધ જાહેર કાર્યક્રમોમાં પણ હાજરી આપી શકે છે. સ્થાનિક રાજકીય વર્તુળોમાં આ નિર્ણયને લઈને ચર્ચાઓ તેજ બની ગઈ છે અને આગામી દિવસોમાં રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બનવાની શકયતા છે.

# ચૂંટણી ટાણે ૭૫ ગામના લોકોને કરાવેલા નાસ્તો, ભોજનનુ બિલ બાકી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં કોંગ્રેસના પૂર્વ સાંસદ વિરજી ઠુમ્મર અને તેમની દિકરી જેની ઠુમ્મર સામે છેતરપિંડીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવવા માટે પારસ તળાવિયાએ અરજી આપીને યોગ્ય કાર્યવાહી માટેની માંગ કરી છે. લોકસભા ચૂંટણી સમયે અમરેલીના કોંગ્રેસના ઉમેદવાર વિરજી ઠુમ્મરે, તેમના કેટરર્સ સાથે લાખ્ખોની ઠગાઈ કરી હોવાની વિગતો સામે આવી છે. ઘટના અંગે એવી માહિતી સામે આવી છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન વિવિધ ગામોમાં યોજાયેલા જમણવાર અને નાસ્તાની વ્યવસ્થા માટે કેટરિંગનો મોટો ઓર્ડર આપવામાં આવ્યો હતો. આશરે ૭૫ ગામોમાં જમવા અને નાસ્તાની વ્યવસ્થા કરાવવામાં આવી હતી, જેના બદલામાં કુલ રૂપિયા ૬.૯૬ લાખની રકમ બાકી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદી પારસ તળાવિયાનો આક્ષેપ છે કે, વિરજી ઠુમ્મર પાસે અનેક વખત પૈસા માંગવા છતાં ચૂકવણી કરવામાં આવી નથી. વધુમાં, પૈસા માગતા તેમને ગાળાગાળી કરવામાં આવી અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું જણાવ્યું છે. આ સમગ્ર મામલે પારસ તળાવિયાએ અમરેલી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવા માટે એક અરજી દાખલ કરાવી છે. હાલ પોલીસ દ્વારા પ્રાથમિક તબક્કે અરજીના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો આ મામલો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની શકે છે. પોલીસ સૂત્રો મુજબ, તમામ પાસાઓની તપાસ કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાતમાં બે સગા ભાઈઓ વચ્ચે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો સંગ્રામ

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આ વખતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીએ માત્ર સત્તાના સમીકરણો જ નથી બદલ્યા, પણ અનેક પરિવારોના ઘરના આંગણામાં લક્ષ્મણરેખા ખેંચી દીધી છે. જે ઘરના ઉંબરે ક્યારેક સુખ-દુઃખ વહેંચાતા હતા, આજે ત્યાંથી બે અલગ-અલગ વિચારધારાઓ નીકળી છે. ક્યાંક સાસુ-વહુ સામસામે છે. તો ક્યાંક દેરાણી-જેઠાણી. પણ ચર્ચાનો વિષય બન્યો છે તારાપુર નગરપાલિકામાં આવી જ ઘટના સામે આવી છે, જેમાં બે સગા ભાઈઓ વચ્ચે હવે રાજકીય દિવાલ સર્જાઈ છે. તારાપુર નગરપાલિકાનો વોર્ડ નંબર-૬. આ માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી, પણ હવે એક લાગણીશીલ રણમેદાન બની ગયો છે. મેદાનમાં છે બે સગા ભાઈઓ ચંદુભાઈ માધાભાઈ પરમાર અને પૂનમભાઈ માધાભાઈ પરમાર ચૂંટણી જંગમાં સામસામે છે. એક સમયે જેઓ ખભેખભા મિલાવીને ચાલતા હતા, જેમના સંસ્કાર અને લોહી એક છે. આજે તેમની વચ્ચે કમળ અને પંજો વચ્ચે આવી ગયા છે. વિચારવા જેવી વાત એ છે કે, જે પૂનમભાઈ પરમાર બે-બે વખત ધારાસભ્ય તરીકે જનતાની સેવા કરી ચૂક્યા છે. તેઓ આજે કોંગ્રેસના નિશાન પર મેદાનમાં છે. તો બીજી તરફ, દુભાઈ પરમા ભાજપના ઉમેદવાર તરીકે પોતાના જ ભાઈ સામે પડકાર ફેંકી રહ્યા છે રાજકારણની આ કેવી કરુણતા છે. એક જ માના બે સંતાનો, જેઓ ક્યારેક એક જ થાળીમાં જમતા હતા, આજે જનતાના દરબારમાં એકબીજાને હરાવવા નીકળ્યા છે. જાહેર જીવનમાં સાથે ડગ માંડનારા આ ભાઈઓ આજે વિચારધારાના નામે જુદા પડ્યા છે. તારાપુરની જનતા પણ અસમંજસમાં છે એક તરફ જૂનો અનુભવ છે. તો બીજી તરફ મજબૂત પડકાર. સવાલ એ નથી કે જીત કોની થશે? સવાલ એ છે કે શું આ ચૂંટણીના પરિણામો પછી એ સંબંધોમાં પહેલા જેવી મીઠાશ રહેશે? શું રાજકીય વિચારધારા લોહીના સંબંધો કરતા મોટી થઈ જશે? તારાપુરની આ પહેલી જ નગરપાલિકાની ચૂંટણીએ લોકોના મનમાં એક જ પ્રશ્ન જગાડ્યો છે.